શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ - ૬ જુલાઈ - ૨૦૧૪ અંક - ૭
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦ /-

त्वमेकं शरण्यं त्वमेकं वरेण्यं
त्वमेकं जगत्पालकं स्वप्रकाशम् ।
त्वमेकं जगत्कर्तृपातृप्रहर्तृ
त्वमेकं परं निश्चलं निर्विकल्पम् ।।



ગુરુકુલ પરંપરાના સંવાહક સદ્વિદ્યા સદ્ધર્મરક્ષક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના ચરણોમાં કરોડો વંદન હો...

આમંત્રણમ્

જ્ઞા ન સ ત્ર ૩૮

પ્રારંભ
૩૧ જુલાઇ, ૨૦૧૪ શ્રાવણ સુદ-૪

પૂર્ણાહુતી
૯ ઓગસ્ટ, ૨૦૧૪ શ્રાવણ સુદ-૧૦

ભારતીય સંસ્કૃતિમાં ચાતુર્માસનું અનેરું મહત્ત્વ છે. આ ચાર માસ દરમિયાન ભગવદ્ આરાધનાને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. ઇષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ શિક્ષાપત્રીમાં ચાતુર્માસમાં ભજન-ભક્તિના વિશેષ નિયમો ગ્રહણ કરવાની આજ્ઞા કરી છે. તેમાં પણ શ્રાવણ માસ દરમિયાન થયેલી ભજન-ભક્તિ ઉત્તમ ફળ આપનારી બને છે. પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ શ્રાવણ માસ દરમિયાન શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે આજથી ૩૮ વર્ષ પહેલા જ્ઞાનસત્ર દ્વારા ભજન-ભક્તિ તથા કથા શ્રવણનું અનોખું આયોજન કર્યું હતું. એ અવિરત વહેતી પરંપરાને આગળ ધપાવતા આ વર્ષે પવિત્ર શ્રાવણ માસમાં ૩૮ માં જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પાવન પ્રસંગે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી વક્તાસ્થાને બિરાજી ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવનની કથાનું રસપાન કરાવશે. ઉપરાંત પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામી તથા યુવાન સંતો વચનામૃતને આધારે કથાવાર્તાનો લાભ આપશે.

જ્ઞાનસત્રના વિવિધ આયોજનો

અખંડ ધૂન, પોથીયાત્રા, યુવાન સંતો દ્વારા વચનામૃત વ્યાખ્યાનમાળા, રાજોપચાર પૂજન, રક્તદાન કેમ્પ, સાંસ્કૃતિક કાર્યક્રમ જેવા અનેરા આયોજનો રાખવામાં આવ્યા છે.

સ્થળ : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ

ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે વ્યાસ પૂજન તથા પુરાણ પૂજન કરતા પૂજ્ય સ્વામીજી, સંતો તથા ઋષિકુમારો

અમદાવાદ ગુરુકુલ તથા છારોડી ગુરુકુલમાં નૂતન પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓને વર્તમાન ધરાવતા પૂજ્ય સ્વામીજી તથા સદ્‌ગુરુ સંતો.

1. On the auspicious day of Guru poornima, Pujya Swamiji, Saints and Rushikumars performing Vyas-Poojan and Puran-Poojan
2. Pujya Swamiji and elder saints performing the ritual of *Vartaman* to the new comers of SGVP and Gurukul Ahmedabad

સાચા સંત પરમ સુખદાઇ

સાચા સંત પરમ સુખદાઈ,
સેવ્યે જનમ મરણ મીટ જાઈ...
બ્રહ્મરૂપ હોઈ ભજત નિરંતર,
હરિકૃષ્ણ સુખકારી,
ધર્મનીમ અચલ દૃઢ રાખત,
ભક્તિ ઉપાસક ભારી...સાચા
જ્ઞાન કો દાન અહોનિશ દેવત,
જીવ મુમુક્ષુ જાની,
આશા પાસ અગ્યાન મિટાવત,
બૃહદ્ વૈરાગ્ય વખાની... સાચા
માયા કે સુખ હે સબ મિથ્યા,
ઈચ્છત યામર પ્રાની.
એસો બોધ કરત બહુ જન કું,
પ્રભુપદ પ્રીત પુરાની...સાચા
તપ તીરથ વ્રત દાન કરે તોંહુ,
નાહી હોવત નિષ્કામી,
દેવાનંદ કહે સંત સમાગમ,
હોત તુરત ભવહાની...સાચા

- સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૬, જૂલાઇ -૨૦૧૪, અંક-૭

પ્રકાશક	:	પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી	:	પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	:	શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	:	હરિકૃષ્ણ ગ્રાફિક્સ, ગોવિંદ બાંટવા
વ્યવસ્થાપન	:	જગજીવનભાઈ પટેલ
તસ્વીર	:	જી. વિઝન
મુદ્રક	:	સૂર્યા ઓફસેટ

છુટક અંક	:	રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	:	રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	:	રૂા. ૭૦૦/-
વિદેશમાં આજીવન લવાજમ	:	$ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

SwaminarayanGurukul
GurukulParivar

રથયાત્રાનો પરમ પવિત્ર દિવસ એટલે આપણા જીવન ઘડવૈયા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીનો જન્મ દિવસ. આ પરમ પાવનકારી દિવસની પૂર્વસંધ્યાએ ગુરુદેવના જીવનમાંથી પ્રેરણા મેળવવા અને કૃતજ્ઞતા અભિવ્યક્ત કરવા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર ખાતે ગોપીનાથ યુવક મંડળના યુવાન સભ્યોએ ગુરુદેવના ગુણગાન કરીને આપેલી ભાવપુષ્પાંજલિના કેટલાક પુષ્પો અત્રે પ્રગટ કર્યા છે.

પૂ. શાસ્ત્રીજી મહારાજ – જીવન પરિચય

- નટુભાઈ આર. તારખુંદિયા

બાલપણ –

ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં અમરેલી જીલ્લાની શેત્રુંજી નદીના કાંઠે તરવડા ગામ આવેલું છે. તરવડામાં તા.૧૮ જૂન, ૧૯૦૧ (વિક્રમ સંવત ૧૯૫૭ અષાઢી બીજ ને રથયાત્રા)ના પુનિત પર્વે એક બાળકનો જન્મ થયો. આ બાળકનું નામ અરજણ, માતાનું નામ વીરુબા અને પિતાનું નામ ભુરાભાઈ લાખાણી હતું. માતા-પિતાએ અરજણનું લાલન-પાલન પ્રેમ અને સંસ્કારયુક્ત કર્યું હતું.

સાત વર્ષની ઉંમરે અરજણે સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય વચનસિદ્ધ સમર્થ સંતવર્ય સદ્‌ગુરુ શ્રી બાલમુકુંદદાસજી સ્વામી પાસે કંઠી ધારણ કરી નિત્ય સવારે પૂજા-પાઠ કરવાનું નિયમ લીધું.

બાળ સહજ પ્રતિભા –

અરજણ બાળપણથી ભણવામાં તેજસ્વી, ચપળ અને હોંશિયાર હતો. પાંચ વર્ષની ઉંમર થતાં તરવડા ગામની પ્રાથમિક શાળામાં અરજણે અભ્યાસ શરૂ કર્યો. બાળ અરજણે અભ્યાસમાં ત્રણ વર્ષ પૂર્ણ કર્યાં. ત્રીજા ધોરણમાં પ્રથમ નંબર મેળવ્યો. ચોથા ધોરણમાં અભ્યાસ ચાલુ હતો ત્યારે શિક્ષણ અધિકારી સાહેબ ઈન્સ્પેકશન માટે તરવડા આવ્યા. સાહેબ ચોથા ધોરણમાં મૌખિક પ્રશ્નો પૂછતા હતા. પહેલી લાઈનમાં પ્રથમ સ્થાને બેઠેલા અરજણે ઉભા થઈને, અદબ વાળીને નિર્ભય અવાજમાં પૂછેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપ્યા.

સાહેબે એક ગહન પ્રશ્ન કર્યો. 'બોલો બાળકો, પોણા રૂપિયાનું પોણો મણ ઘી આવે તો ચાર રૂપિયાનું કેટલું ઘી આવે?'

બધાએ 'ત્રણ મણ' જવાબ આપ્યો.

સાહેબે છેલ્લે અરજણને પૂછ્યું, અરજણે સહજતાથી જવાબ આપ્યો, 'ચાર મણ ઘી'.

સાહેબ બોલ્યા, 'આ બધા તો ત્રણ કહે છે અને તું ચાર મણ કહે છે, તો તારી ગણતરીમાં કંઈ ભૂલ થતી હશે.'

ત્યારે અરજણે કહ્યું, 'પોણે રૂપિયે પોણો મણ તો રૂપિયાનું મણ થાય અને ચાર રૂપિયાનું ચાર મણ.'

સાહેબ જવાબ સાંભળી દંગ થઈ ગયા ને તેના મુખમાંથી શબ્દો સરી પડ્યા કે 'ભવિષ્યમાં આ બાળક એક મહામાનવ તરીકે ઝળકી ઉઠશે.'

મિત્રો માટે હૃદયમાં ઊંડી લાગણી –

એક જાણીતા લેખક મદનલાલ પંડ્યાએ એક પુસ્તક 'સમય સાગરના મોતી'માં તેમના પિતાશ્રી પાસેથી સાંભળેલો એક પ્રસંગ પ્રકાશિત કરેલો છે.

મૂળુ અને અરજણ બન્ને મિત્રો હતા. બન્ને એક વર્ગમાં સાથે ભણતા. ક્યારેક અરજણ પહેલો આવે તો કોઈવાર મૂળુ. પણ બન્ને વચ્ચે તંદુરસ્ત દોસ્તી હતી. તેની હરિફાઈમાં ઈર્ષ્યા નહોતી.બન્ને મિત્રો નદીના પટમાં સાથે રમતા. રિસેસમાં ગજવામાં ભરેલો ભાગ કાઢીને બન્ને ખાતા. મુળુ કહે, 'આ વર્ષની પરીક્ષામાં મારે પહેલો નંબર લાવવો છે. અરજણ તું જ વારે વારે પહેલો નંબર લઈ જાય છે.' એવામાં વાર્ષિક પરીક્ષા આવી. બન્ને પૂરી મહેનત સાથે મંડી પડ્યા.

થોડા દિવસોમાં જ પરિણામ આવ્યું. મૂળુ કરતાં અરજણ વધારે ખુશ હતો.

માસ્તર લક્ષ્મીશંકરે કહ્યું, 'આ વખતની પરીક્ષામાં મૂળુ પહેલો આવે છે અને અરજણ બીજો.'

'શાબાશ મૂળુ' કહેતાં અરજણ ભેટી પડ્યો. પછી બન્ને માસ્તરને પ્રણામ કરવા ગયા.

માસ્તરે કહ્યું, 'અરજણ ગણિતના દાખલા

સાવ સહેલા હતા છતાં તેં જાણી જોઈને બે દાખલા ખોટા ગણ્યા.'

અરજણ બોલ્યો, 'ના સાહેબ ! મને આવડ્યા નહીં.'

પણ મૂળુ સમજી ગયો કે અરજણે જાણી જોઈને મને પહેલો લાવવા માટે આમ કર્યું.

આમ પોતાના સત્કારની સહેજે પણ અભિલાષા નહોતી અને મિત્ર હૃદયની રખેવાળી કરનાર અરજણમાં બાળપણથી જ શાસ્ત્રોમાં બતાવેલા સંત લક્ષણોનું મૂર્તિમંત દર્શન થતું હતું.

અમૂલ્ય ભેટ –

અરજણને નાનપણથી જ સદ્‌ગ્રંથોના વાંચનમાં રુચિ હતી. ગામમાં વડીલ હરિભક્તોને વચનામૃત, ભક્તચિંતામણી અને નિષ્કુળાનંદ કાવ્યની કથા સંભળાવતા અને સુંદર રાગમાં કીર્તનો ગવડાવતા.

તરવડા ગામમાં લાડુમાં કરીને એક વૃદ્ધ માજી હતાં તે ભગવાનમાં અપાર હેતવાળા હતાં. એક દિવસ તેમણે અરજણને કહ્યું, 'તુ મને કીર્તનો સંભળાવ.' અરજણ તુરંત લાંબા ઢાળે સુંદર કંઠે મહારાજને સંભારી કીર્તન ગાવા લાગ્યા,

અમરના સરદાર હરિ મારા નેણા તણા શણગાર,
નેણા તણા શણગાર ગુણવંત માણકીના
અસવાર.

માજી ખૂબ રાજી થઈ ગયા. મોસાળ પક્ષમાંથી મળેલી શ્રીજી મહારાજની પ્રસાદીની શેરડીનો છોતો અરજણને આપતા કહ્યું, લે અરજણ તું કીર્તનો બહુ સારા બોલે છે, હું તને આ અમૂલ્ય ભેટ આપું છું. આમ દસ વર્ષની વયે અરજણને મહાપ્રસાદીની અમૂલ્ય ભેટ મળી.

બાળપણથી જ સંતત્વ –

યમદંડના વાંચનથી અરજણના હૃદયમાં વૈરાગ્યની ભાવના પ્રગટી અને માત્ર બાર વર્ષની ઉંમરે સંસાર છોડી સાધુતાના માર્ગે પ્રયાણ કર્યું. છ છ વખત ઘરેથી ભાગી છૂટવામાં સફળ થયેલા અરજણ જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના વચનસિદ્ધ સમર્થ સંતવર્ય શ્રી બાલમુકુંદદાસજી સ્વામી પાસે ચૌદ વર્ષની ઉંમરે પાર્ષદી દીક્ષા લીધી. સ્વામીના અક્ષરવાસ પછી પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામીના શિષ્ય થઈને રહ્યા. સારંગપુર શ્રી કષ્ટભંજન દેવના સાન્નિધ્યમાં આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ પાસે સોળ વર્ષના અરજણે ભાગવતી દીક્ષા લીધી અને નામ મળ્યું, 'સાધુ ધર્મજીવનદાસ.'

સંતોનો મહિમા –

ભારતીય સંસ્કૃતિમાં સંતનો મહિમા બહુ મોટો હોય છે. સંત કોઈ ફીનીશીંગથી ઓળખાતા નથી.

★ અશાંત મનને શાંત કરે અને વિખરાયેલાને ભેળા કરી દે તે સંત કહેવાય.

★ જેની પાસે જવાથી આપણામાં સાધુતા પ્રગટે તેને સાચા સંત કહેવાય.

★ સુખ માગે તે સંત નહી, પણ અન્યને સુખ આપે તે સંત.

★ જેના સંગથી શ્રીહરિનો રંગ લાગે તે સંત.

★ જેની શીતળ છાયામાં સંસારના તાપ મટી જાય તે સંત.

★ પોતામાં નહીં પણ પરમાત્મામાં જોડે તે સંત.

★ શાંતિ પમાડે તં સંત.

★ માનપાનથી પર રહે તે સંત.

★ જેની કૃપાથી જગતના સ્વાર્થી સંબંધોના તંતુ તુટે અને પરમાત્મા સાથેના પ્રેમના તંતુ સંધાઈ જાય તે સંત કહેવાય.

આવા ગુણોનું જેમાં મૂર્તિમંત દર્શન થતું હતું તે હતા આપણા પ. પૂ. સદ્‌ગુરુ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી.

ગુરુદેવના જ્ઞાનના વારસદાર –

યોગ્યતા વગર મળેલ અધિકાર, શક્તિ કે સદ્‌ગુણ વ્યક્તિને આસુરી અને અહંકારી બનાવે છે. શાસ્ત્રો પોતાનો મોક્ષમૂલક સિદ્ધાંત એવા વ્યક્તિને જ આપે છે કે જેઓ હૃદયથી ભક્ત હોય અને જગતથી પરમ વિરક્ત હોય.

શ્રીમંત સદ્‌ગૃહસ્થ પોતાના સંતાનોને સંપત્તિનો વારસો આપે છે. એવી જ રીતે અધ્યાત્મ

સાવ સહેલા હતા છતાં તેં જાણી જોઈને બે દાખલા ખોટા ગણ્યા.'

અરજણ બોલ્યો, 'ના સાહેબ ! મને આવડ્યા નહીં.'

પણ મૂળુ સમજી ગયો કે અરજણે જાણી જોઈને મને પહેલો લાવવા માટે આમ કર્યું.

આમ પોતાના સત્કારની સહેજે પણ અભિલાષા નહોતી અને મિત્ર હૃદયની રખેવાળી કરનાર અરજણમાં બાળપણથી જ શાસ્ત્રોમાં બતાવેલા સંત લક્ષણોનું મૂર્તિમંત દર્શન થતું હતું.

અમૂલ્ય ભેટ –

અરજણને નાનપણથી જ સદ્‌ગ્રંથોના વાંચનમાં રુચિ હતી. ગામમાં વડીલ હરિભક્તોને વચનામૃત, ભક્તચિંતામણી અને નિષ્કુળાનંદ કાવ્યની કથા સંભળાવતા અને સુંદર રાગમાં કીર્તનો ગવડાવતા.

તરવડા ગામમાં લાડુમાં કરીને એક વૃદ્ધ માજી હતાં તે ભગવાનમાં અપાર હેતવાળા હતાં. એક દિવસ તેમણે અરજણને કહ્યું, 'તુ મને કીર્તનો સંભળાવ.' અરજણ તુરંત લાંબા ઢાળે સુંદર કંઠે મહારાજને સંભારી કીર્તન ગાવા લાગ્યા,

અમરના સરદાર હરિ મારા નેણા તણા શણગાર,
નેણા તણા શણગાર ગુણવંત માણકીના અસવાર.

માજી ખૂબ રાજી થઈ ગયા. મોસાળ પક્ષમાંથી મળેલી શ્રીજી મહારાજની પ્રસાદીની શેરડીનો છોતો અરજણને આપતા કહ્યું, લે અરજણ તું કીર્તનો બહુ સારા બોલે છે, હું તને આ અમૂલ્ય ભેટ આપું છું. આમ દસ વર્ષની વયે અરજણને મહાપ્રસાદીની અમૂલ્ય ભેટ મળી.

બાળપણથી જ સંતત્વ –

યમદંડના વાંચનથી અરજણના હૃદયમાં વૈરાગ્યની ભાવના પ્રગટી અને માત્ર બાર વર્ષની ઉંમરે સંસાર છોડી સાધુતાના માર્ગે પ્રયાણ કર્યું. છ છ વખત ઘરેથી ભાગી છૂટવામાં સફળ થયેલા અરજણ જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના વચનસિદ્ધ સમર્થ સંતવર્ય શ્રી બાલમુકુંદદાસજી સ્વામી પાસે ચૌદ વર્ષની ઉંમરે પાર્ષદી દીક્ષા લીધી. સ્વામીના અક્ષરવાસ પછી પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામીના શિષ્ય થઈને રહ્યા. સારંગપુર શ્રી કષ્ટભંજન દેવના સાન્નિધ્યમાં આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ પાસે સોળ વર્ષના અરજણે ભાગવતી દીક્ષા લીધી અને નામ મળ્યું, 'સાધુ ધર્મજીવનદાસ.'

સંતોનો મહિમા –

ભારતીય સંસ્કૃતિમાં સંતનો મહિમા બહુ મોટો હોય છે. સંત કોઈ ફીનીશીંગથી ઓળખાતા નથી.

★ અશાંત મનને શાંત કરે અને વિખરાયેલાને ભેળા કરી દે તે સંત કહેવાય.

★ જેની પાસે જવાથી આપણામાં સાધુતા પ્રગટે તેને સાચા સંત કહેવાય.

★ સુખ માગે તે સંત નહી, પણ અન્યને સુખ આપે તે સંત.

★ જેના સંગથી શ્રીહરિનો રંગ લાગે તે સંત.

શ્રી હરિકૃષ્ણ મહારાજ (વડતાલ)





★ જેની શીતળ છાયામાં સંસારના તાપ મટી જાય તે સંત.
★ પોતામાં નહીં પણ પરમાત્મામાં જોડે તે સંત.
★ શાંતિ પમાડે તં સંત.
★ માનપાનથી પર રહે તે સંત.
★ જેની કૃપાથી જગતના સ્વાર્થી સંબંધોના તંતુ તુટે અને પરમાત્મા સાથેના પ્રેમના તંતુ સંધાઈ જાય તે સંત કહેવાય.

આવા ગુણોનું જેમાં મૂર્તિમંત દર્શન થતું હતું તે હતા આપણા પ. પૂ. સદ્‌ગુરુ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી.

ગુરુદેવના જ્ઞાનના વારસદાર –

યોગ્યતા વગર મળેલ અધિકાર, શક્તિ કે સદ્‌ગુણ વ્યક્તિને આસુરી અને અહંકારી બનાવે છે. શાસ્ત્રો પોતાનો મોક્ષમૂલક સિદ્ધાંત એવા વ્યક્તિને જ આપે છે કે જેઓ હૃદયથી ભક્ત હોય અને જગતથી પરમ વિરક્ત હોય.

શ્રીમંત સદ્‌ગૃહસ્થ પોતાના સંતાનોને સંપત્તિનો વારસો આપે છે. એવી જ રીતે અધ્યાત્મ માર્ગમાં સદ્‌ગુરુ સંત સુપાત્ર શિષ્યને જ જ્ઞાનરૂપી સંપત્તિનો વારસો આપે છે. પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામીને ઘણા સમયથી સંકલ્પ હતો કે 'મારી પાસે સંસ્કૃતના ઘણા બધા પુસ્તકો છે, જે સાધુ ભણીને સત્સંગ માટે ઉપયોગ કરે એવા હોય તેને આપી દઉં, પરંતુ એવું કોણ છે? તેનો ઘણો વિચાર કર્યા પછી આ નાના સાધુ ધર્મજીવનદાસ સંસ્કૃત ભણીને સત્સંગની સેવા કરે એવા છે. માટે મારા સંસ્કૃતનાં પુસ્તકો તેને આપી દઉં.' આ માત્ર પુસ્તકો નહોતાં પરંતુ ગુરુનો જ્ઞાનરૂપી વારસો હતો જે આપણા ગુરુદેવને તેના ગુરુ દ્વારા વારસામાં મળ્યો હતો.

પૂ. સ્વામી કહેતા 'શ્રીહરિએ અરજણને પ્રસન્ન થઈને પોતાની પાદ્ય આપી હતી. શ્રી રામે રાજી થઈને ભરત રાજાને પોતાની પાદુકા આપી હતી. તેમ મને ગુરુદેવે જ્ઞાનરૂપી સત્શાસ્ત્રો આપ્યાં હતાં. આ ગ્રંથો ગુરુની ગેરહાજરીમાં પણ મારા જીવનનો આધાર બની રહ્યા હતા.'

હાલ આ સંસ્કૃત ગ્રંથોનો જ્ઞાનવારસો પૂ. સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી જતન કરીને સ્વાધ્યાય, સંશોધન સાથે મહિમાપૂર્વક સંભાળી રહ્યા છે.

રજામાં રીઝવે હરિને –

કામમાંથી કંટાળેલા કર્મચારી કે એકધારું અઠવાડિયા સુધી અભ્યાસ કરતો વિદ્યાર્થી શનિ-રવિ કે કોઈ જાહેર રજાની રાહ જોતો હોય છે. રજાનું નામ પડતાં જ તેને શેર લોહી ચડી જાય. તેને મન રજાનો એક આનંદ હોય છે. સારું સારું ખાશું, સારું પીશું, હરશું-ફરશું, સ્વજનો-મિત્રોને મળીશું વગેરે પ્રકારના મનસૂબા કર્યા હોય છે. સંસારના લોકો આવી રીતે રજા ગાળી લૌકિક આનંદ માણે છે જ્યારે મહાપુરુષો ભજન-ભક્તિ દ્વારા અલૌકિક આનંદ માણે છે.

શાસ્ત્રીજી મહારાજ કહેતા 'હું વડતાલ ભણતો તેમાં રજાનો દિવસ આવે એટલે હું રાજી થાવ.' શા માટે એ રાજી થતા હશે ? હરવા ફરવા, ખાવા-પીવા કે મોજ-મજા કરવા ? ના આ મહાપુરુષ વિષયાનંદી ન હતા. તેઓ બ્રહ્માનંદી હતા.

★ જેની શીતળ છાયામાં સંસારના તાપ મટી જાય તે સંત.
★ પોતામાં નહીં પણ પરમાત્મામાં જોડે તે સંત.
★ શાંતિ પમાડે તં સંત.
★ માનપાનથી પર રહે તે સંત.
★ જેની કૃપાથી જગતના સ્વાર્થી સંબંધોના તંતુ તુટે અને પરમાત્મા સાથેના પ્રેમના તંતુ સંધાઈ જાય તે સંત કહેવાય.

આવા ગુણોનું જેમાં મૂર્તિમંત દર્શન થતું હતું તે હતા આપણા પ. પૂ. સદ્‌ગુરુ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી.

ગુરુદેવના જ્ઞાનના વારસદાર –

યોગ્યતા વગર મળેલ અધિકાર, શક્તિ કે સદ્‌ગુણ વ્યક્તિને આસુરી અને અહંકારી બનાવે છે. શાસ્ત્રો પોતાનો મોક્ષમૂલક સિદ્ધાંત એવા વ્યક્તિને જ આપે છે કે જેઓ હૃદયથી ભક્ત હોય અને જગતથી પરમ વિરક્ત હોય.

શ્રીમંત સદ્‌ગૃહસ્થ પોતાના સંતાનોને સંપત્તિનો વારસો આપે છે. એવી જ રીતે અધ્યાત્મ માર્ગમાં સદ્‌ગુરુ સંત સુપાત્ર શિષ્યને જ જ્ઞાનરૂપી સંપત્તિનો વારસો આપે છે. પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામીને ઘણા સમયથી સંકલ્પ હતો કે 'મારી પાસે સંસ્કૃતના ઘણા બધા પુસ્તકો છે, જે સાધુ ભણીને સત્સંગ માટે ઉપયોગ કરે એવા હોય તેને આપી દઉં, પરંતુ એવું કોણ છે? તેનો ઘણો વિચાર કર્યા પછી આ નાના સાધુ ધર્મજીવનદાસ સંસ્કૃત ભણીને સત્સંગની સેવા કરે એવા છે. માટે મારા સંસ્કૃતનાં પુસ્તકો તેને આપી દઉં.' આ માત્ર પુસ્તકો નહોતાં પરંતુ ગુરુનો જ્ઞાનરૂપી વારસો હતો જે આપણા ગુરુદેવને તેના ગુરુ દ્વારા વારસામાં મળ્યો હતો.

પૂ. સ્વામી કહેતા 'શ્રીહરિએ અરજણને પ્રસન્ન થઈને પોતાની પાઘ આપી હતી. શ્રી રામે રાજી થઈને ભરત રાજાને પોતાની પાદુકા આપી હતી. તેમ મને ગુરુદેવે જ્ઞાનરૂપી સત્શાસ્ત્રો આપ્યાં હતાં. આ ગ્રંથો ગુરુની ગેરહાજરીમાં પણ મારા જીવનનો આધાર બની રહ્યા હતા.'

હાલ આ સંસ્કૃત ગ્રંથોનો જ્ઞાનવારસો પૂ. સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી જતન કરીને સ્વાધ્યાય, સંશોધન સાથે મહિમાપૂર્વક સંભાળી રહ્યા છે.

રજામાં રીઝવે હરિને –

કામમાંથી કંટાળેલા કર્મચારી કે એકધારું અઠવાડિયા સુધી અભ્યાસ કરતો વિદ્યાર્થી શનિ-રવિ કે કોઈ જાહેર રજાની રાહ જોતો હોય છે. રજાનું નામ પડતાં જ તેને શેર લોહી ચડી જાય. તેને મન રજાનો



એક આનંદ હોય છે. સારું સારું ખાશું, સારું પીશું, હરશું-ફરશું, સ્વજનો-મિત્રોને મળીશું વગેરે પ્રકારના મનસૂબા કર્યા હોય છે. સંસારના લોકો આવી રીતે રજા ગાળી લૌકિક આનંદ માણે છે જ્યારે મહાપુરુષો ભજન-ભક્તિ દ્વારા અલૌકિક આનંદ માણે છે.

શાસ્ત્રીજી મહારાજ કહેતા 'હું વડતાલ ભણતો તેમાં રજાનો દિવસ આવે એટલે હું રાજી થાવ.' શા માટે એ રાજી થતા હશે ? હરવા ફરવા, ખાવા-પીવા કે મોજ-મજા કરવા ? ના આ મહાપુરુષ વિષયાનંદી ન હતા. તેઓ બ્રહ્માનંદી હતા.

''રજાનો કોઈ દિવસ ઉપવાસ અને ભજન વિના ખાલી ન જવા દઉં. હરિકૃષ્ણ મહારાજ પાસે જઈને અંદર ભજન કરું. મહારાજને પોઢાડી દે છતાં હું અંદર બેઠો બેઠો ભજન કરું. એમાં ઘણી વખત હરિકૃષ્ણ મહારાજ રાજી થઈ મૂર્તિમાંથી પ્રગટ થઈ બન્ને હાથ ઉંચા કરી પ્રત્યક્ષ દર્શન આપે અને 'હું રાજી છું, હું રાજી છું' એવું કહે.''

અડગ સિદ્ધાંતવાદી સંત –

પૂ. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે વડતાલમાં હું રહેતો ત્યારે ઠાકોરજીને જે થાળ ધરાણો હોય અને પંક્તિમાં જે આવે એ મારું. પંક્તિભેદ કરવો નહિ અને જૂદું બનાવવું નહીં. એ મારો અડગ સિદ્ધાંત હતો. વડતાલમાં પૂ. શાસ્ત્રીજી મહારાજ એક દિવસ પંક્તિમાં ઠાકોરજી જમાડવા બેઠા. સંતો અનુકૂળ હોય તેવું કોઠારમાંથી બનાવી લેતા આવે. આજે રોટલી લાવેલા. મને આગ્રહ કરે, લે ધર્મજીવન રોટલી લે. મેં કહ્યું, 'સ્વામી! મને પેટમાં ટાઢી ગાંઠ થઈ છે. ડૉક્ટરે ઘઉં ખાવાની ના પાડી છે. આવી પરિસ્થિતિમાં કોઈ જાતનો ડોળ કર્યા વિના કે અહં પણ ન રાખીને યુક્તિથી માર્ગ કાઢી લેતો.'

મળે અને મૂકી દેવું એ તો સ્ત્રી ભેળું રહીને બ્રહ્મચર્ય પાળવા જેવું કઠણ છે– ગુણાતીતાનંદ સ્વામી.

જે માણસ પોતાની જાત ઉપર નિયંત્રણ રાખી

શકતો નથી તે સાચા અર્થમાં મહાન બની શકતો નથી. જાતને જે કેળવે તે વિશ્વમાં બધુ જ મેળવે. પોતાની જાતને જીતનારા સંત હતા પૂ. શાસ્ત્રીજી મહારાજ.

અજાતશત્રુ –

સંતને મન કોઈ શત્રુ હોતા નથી એ સાચું છે. જેને શત્રુ હોય એ સંત હોતા નથી એ પણ એટલું જ સાચું છે. સંતો અને મહાપુરુષોને મન કોઈ શત્રુ હોતા નથી પરંતુ એમના શત્રુ ઘણા હોય છે. જગતનો એક ક્રમ છે, જ્યારે જ્યારે અવની ઉપર કોઈ અવતારો કે મહાપુરુષોનું અવતરણ થયું છે ત્યારે જગતે તેમને સુખેથી જીવવા દીધા નથી. આ દુનિયા કેવળ રામ, કૃષ્ણ, સ્વામિનારાયણ, બુદ્ધ કે મહાવીરથી ભરેલી નથી.

જગતમાં રાવણ, દુર્યોધન, દુઃશાસન, કંસ અને શકુનિ જેવા દુષ્ટ આત્માઓનો પણ તોટો નથી, જેમને કોઈને ઠારવામાં રસ નથી પરંતુ સાચા અને સારાને બાળવામાં જ અહર્નિશ આનંદ હોય છે. ધ્યેયનિષ્ઠ મહાપુરુષો સિદ્ધાંતને વરેલા હોય છે. તેઓને સત્યનો પક્ષ છોડીને અસત્યની ઉપાસના કરવાની આદત હોતી નથી. તેથી સ્વાર્થી લોકો પોતાનો મતલબ સિદ્ધ કરવા તેમની સામે અનેક પ્રકારના દાવપેચ આચરતા હોય છે.

પૂ. શાસ્ત્રીજી મહારાજ સાથે પણ આવું જ કંઈક બન્યું. મંદિરમાં કેટલાક ઈર્ષાળુ નાતભાઈઓ પૂ. સ્વામીના સાધુતાયુક્ત જીવનથી દાઝતા હતા. એક વાર તે બધા ભેગા થયા અને નક્કી કર્યું કે આ ધર્મજીવનદાસ આપણી ભેળો ભળતો નથી એટલે તેને થોડો મારી-ઝૂડીને સીધો કરીએ. એટલે જ પીપા ભગતે કહ્યું છે,

'પીપા આ જગતમાં સંત દ્રોહી ન કોય
દુજા તો દેખા નહી, પણ ભેખ હોય તો હોય.'

પૂ. શાસ્ત્રીજી મહારાજને આ વાતની ખબર પડી ગઈ. તેઓ ઉપરના ભાગે રૂમ બંધ કરીને ભજન કરવા બેસી ગયા. ત્રણ દિવસ અને ત્રણ રાત્રી પુરી થઈ, ઠાકોર જમાડવાનું બંધ. રાત્રે બે વાગે સ્નાન કરી ભજનમાં બેસી જાય. ચોથી રાત્રિના સાડા દસ વાગ્યે અચાનક ગોંડલથી ગુરુભાઈ પુરાણી કેશવપ્રિય દાસજી સ્વામી આવ્યા અને કહેવા લાગ્યા કે 'કોની માએ સવા શેર સૂંઠ ખાધી છે? અહીં શાસ્ત્રીને કેમ મરાય છે એ હું જોઈ લઉં.'

સ્વામી કહે 'આપણે કાંઈ બાધવું નથી. એ ક્યાં આપણા શત્રુ છે, એણે તો ત્રણ દિવસ અને ત્રણ રાત ભજન કરવાની તક પૂરી પાડી છે હું તો જોડની રાહ જોતો હતો. ચાલો આપણે ગામડા ફરવા જઈએ.'

મહારાજને મળેલાને મળવાનો મહિમા –

વડતાલ મંદિરમાં સવારે દસ વાગે હરિકૃષ્ણ મહારાજની જય, લક્ષ્મીનારાયણ દેવની જય, સ્વામિનારાયણ ભગવાનની જય. સ્વામી સભા મંડપમાં ધ્યાન કરતા હતા. કોઈપણ વિઘ્ન તેમના ધ્યાનને વિચલિત કરી શકે નહીં. પણ આજે સ્વામીનું મન વિચલિત થયું અને હૃદયમાં આનંદની લાગણી થઈ. સ્વામીએ આંખો ખોલીને જોયું તો મંદિરમાં ભીડ હતી.

એક વૃદ્ધ સંતને પૂછ્યું તો તેમણે કહ્યું કે 'શ્રીજીને મળેલા વૃદ્ધ બ્રાહ્મણ અદા આવ્યા છે.'

'હું સાવ નાનો સાધુ નીચે નમીને તેમના પગ સુધી પહોંચી ગયો. તેમના ચરણનો સ્પર્શ કરીને પગે લાગી જય સ્વામિનારાયણ કર્યાં. એમના પગે માથું ટેકવીને ફરી પગે લાગ્યો. ત્યાં તો તેઓએ નીચા નમીને મારું કાંડુ પકડીને ઉભો કર્યો. બસ મહારાજને મળેલાને મળવાનો અવસર મળતાં જ હું ધન્ય થઈ ગયો. મને અંતરમાં કાયમી અહેસાસ થતો હતો કે આપણે મહારાજથી ઝાઝું છેટું નથી. મહારાજના





પૂ. શાસ્ત્રીજી મહારાજ-૨૦મી સદીના સત્સંગની એક અભૂતપૂર્વ પ્રતિભા

- હર્ષકુમાર બારસીયા

બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ ત્યારથી લઈને અત્યાર સુધીમાં ઘણા મહાપુરુષો થયા કે જેમણે વિશ્વને એક નવી જ દિશા આપવામાં અને પરિવર્તન લાવવામાં પોતાના સમગ્ર જીવનને હોમી દીધું. જો આવા મહાન પુરુષો વિષેની યાદી બનાવવા જઈએ તો એ તો ઘણી લાંબી થાય...

મહાપુરુષોમાં સદ્‌ગુરુઓ, ધર્મપુરુષો, સમાજ સુધાકરો, ભક્તો, શિક્ષણ સુધારકો વગેરે ઘણા થયા. પણ જો તમે તેઓના જીવન વાંચવા બેસો એટલે કે સમજવા બેસો તો કદાચ રોમાંચિતતાની સાથે સાથે ધ્રૂજી જવાય તેવી જિંદગી એ લોકો જીવી ગયા અને આપણા માટે અમૂલ્ય વારસો છોડીને ગયા. એમના ગુણોનો તો કોઈ પાર જ નથી હોતો. જેમ ઈશ્વરના ગુણોનો કોઈ પાર નથી હોતો કારણ કે ઈશ્વર આવા મહાપુરુષોની હંમેશા સાથે જ હોય છે.

જ્યારે પૂ. શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની વાત કરીએ ત્યારે હૃદય એક થડકો ચૂકી જાય અને રોમાંચિત થઈ જવાય. એમના જીવન વિષે જ્યાં પણ જે પણ કંઈ લખાયું છે, કહેવાયું છે એ બધું જ્યારે પણ વાંચવામાં આવે કે પછી સાંભળવામાં આવે ત્યારે સ્વામી જાણે આપણા દિલો દિમાગમાં છવાઈ ગયા હોય એવી ભાવપૂર્ણ લાગણી થઈ આવે.

એમના ગુણો તો પાર વગરના છે કારણ કે એ એક સદ્‌ગુરુ હતા. માત્ર સદ્‌ગુરુ નહિ પણ જે સ્વામિનારાયણ સંપ્રદાયમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને તેમની પરંપરામાં જે અજોડ જોગીઓ અને સદ્‌ગુરુઓ થયા તે બધાને સ્વામીએ સાચા અંતરના ભાવથી સેવેલા હતા અને માત્ર સેવેલા એટલું જ નહિ એમને પૂછ્યા વગર સ્વામી ક્યારેય પાણી પીતા નહિ. મોટા સંતોની આજ્ઞામાં રહેવું એ એમના જીવનનો સિદ્ધાંત હતો.

એમનું જીવન વાંચો તો સૌથી મોટો એક ગુણ તમને ઉડીને આંખે વળગશે અને એ ગુણ હતો એમનું અતિશય દૃઢ મનોબળ. એટલે કે વીલ પાવર. મહાપુરુષોની અંદર આ ગુણ લગભગ હોય જ. પણ સ્વામીના જીવનમાં તો આ ગુણ જાણે જીવનના એક એક પગલે દેખાતો.

પ્રથમ સાધુ થવું છે તેવું નક્કી કર્યા પછી પાંચ વાર ભાગી છૂટ્યા પણ કોઈ રીતે જાણે શ્રીજી મહારાજ કસોટી કરતા હોય તેમ પકડાય જાય અને પાછું ઘેર જાવું પડે, તેમ છતાં છઠ્ઠી વાર ભાગી ગયા (છઠ્ઠી વાર ભાગ્યા તે પહેલાં તેમની સામે કેટલીય લોભ-લાલચ અને બીજા સંસારના સુખની ભલામણો આવી પણ સ્વામી ડગ્યા નહીં) અને કોઈ પણ રીતે નક્કી કર્યા મુજબ સાધુ થયે પાર રહ્યા.

બીજું, સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિશ્વનું પ્રથમ ગુરુકુલ બાંધવાની પ્રેરણા હિમાલયના એક ઋષિના આશ્રમમાંથી મળી અને નક્કી કર્યું કે આપણે પણ ગુરુકુળ





સ્થાપીને બાળકોને લૌકિક કેળવણી સાથે સાથે ધર્મનું શિક્ષણ આપીએ તો કેવું? કેટલીયે મુશ્કેલીઓમાંથી પસાર થઈને પણ ગુરુકુલની સ્થાપના કરી. એ સમય હતો ૧૯૪૭, એટલે કે ભારતની આઝાદીનો. આપણે કલ્પી પણ ન શકીએ કે કેટલું કપરું કામ હતું, એ વખતે ગુરુકુલ બાંધવું એ! બહારની મુશ્કેલીઓ કરતાં સત્સંગ-સમાજની અંદરની મુશ્કેલીઓ અપાર હતી અને એ પણ પાછું એક નવો ચીલો ચીતરવો અને એ પણ એક સાધુ તરીકે કેટલીય વસ્તુની મર્યાદામાં રહીને! અહીં ખાલી દૃઢ મનોબળ કામ ના લાગે. અહીં તો જોઈએ સમુદ્ર જેવું અગાધ આત્મબળ અને એ સ્વામી પાસે શ્રીજીના આશીર્વાદથી ભારોભાર હતું.

ત્રીજું, એ સમયમાં ચાતુર્માસ વખતે સ્વામીજી વિચાર કરતા હતા કે આ વખતે શું નિયમ લેવો? ઘણા ચિંતન પછી સ્વામીજીને વિચાર આવ્યો કે દરરોજ કીર્તનના ચાર પદ કંઠસ્થ કરવા અને સાંજે સભામાં ઝીલાવવાં. આ નિયમ ચાતુર્માસ સુધી અખંડ જાળવી રાખેલ અને એક વખત કંઠસ્થ કરેલ કીર્તન કે પદો ક્યારેય સ્વામીજીને બીજી વાર જોવા ન પડે. અત્યારે ચાતુર્માસ ચાલે છે આપણે બે મિનિટ વિચારીએ તો તરત ખબર પડે આપણે આવા નિયમ લેવાનો વિચાર સુદ્ધાં ન કરી શકીએ. આપણે જે વિચારને આપણા મનમાં ફરકવા ન દઈએ તે વિચારોને તો સ્વામીજી સાક્ષાત્ જીવતા!! સ્વામી વિવેકાનંદની આવી જ પ્રતિભાના સ્વામીમાં સ્પષ્ટ રીતે દર્શન થતાં.

ચોથું, આ નિર્ણય સ્વામીજીનો આપણે કોઈપણ રીતે જોઈએ તો અચંબામાં પડી જવાય તેવો હતો. સ્વામીજીએ નર્મદા સ્નાન વખતે એવો નિર્ણય કર્યો કે સ્વામિનારાયણ મહામંત્રના સવા ત્રણ કરોડ જાપ કરવા! અને એ પણ બેધ્યાન થઈને નહિ, એક એક મંત્ર પર શ્રીજી મહારાજની મૂર્તિ સંભારીને મંત્ર પૂરા કરવાના! સ્વામીજીએ સવા ત્રણ કરોડ મંત્રજાપ પૂર્ણ કર્યા પણ ખરા!

એક વખત સ્વામી અને બીજા સંતો ગામડા ફરતા એક ગામ ગયેલા અને ત્યાં સવારે વહેલું પ્રાતઃકાળમાં સ્નાન કરવા ગામથી થોડે દૂર એક વાડીયે જવાનું અને સાથે કોઈ પાર્ષદ કે હરિભગત પણ નહિ. માત્ર બે-ત્રણ બીજા સંતો સાથે હતા. પાણી સીંચવા સ્વામી જેવી ડોલ ને દોરડું તૈયાર કરે ત્યાં જ કુવામાંથી કોઈક સ્ત્રીનો અવાજ આવ્યો. બચાવો... બચાવો... બધા સંતો તો અચંબામાં મુકાઈ ગયા અને એક સાધુ તો ધોતિયું લઈને ચાલતા પણ થયા કે ચાલો આપણે બીજી વાડીયે જઈએ. પણ સ્વામીને થયું કે કોઈ જીવ દુઃખિયો હોય તેને આમ મુશ્કેલીમાં મૂકીને કેમ જતું રહેવાય ? શ્રીજી મહારાજની શિક્ષાપત્રીમાં લખેલી આજ્ઞા પણ યાદ આવી કે આપત્કાળ વખતે સ્ત્રીઓને અડીને અથવા બોલીને પણ તેની અને પોતાની રક્ષા કરવી અને ત્યાર પછી સ્વામીએ ડોલનું દોરડું છોડીને એક છેડો કુવાના પાવઠા સાથે બાંધી બીજો છેડો અંદર જવા દીધો અને દૂર જોયું તો એક દીવો બળતો હતો ત્યાં ગયા અને એક-બે પુરુષને જગાડીને તેમને સાથે લઈ કુવે પાછા આવી દોરડું પેલા પુરુષોને આપ્યું અને પેલી સ્ત્રીને બચાવી અને સ્વામી પછી બીજી બાજુની વાડીએ નહાવા જતા રહ્યા. (સ્વામીએ એ દિવસે પણ ઉપવાસ કરેલો!)

સ્વામી જેટલા ધર્મનિષ્ઠ હતા તેટલા જ








સ્થાપીને બાળકોને લૌકિક કેળવણી સાથે સાથે ધર્મનું શિક્ષણ આપીએ તો કેવું? કેટલીયે મુશ્કેલીઓમાંથી પસાર થઈને પણ ગુરુકુલની સ્થાપના કરી. એ સમય હતો ૧૯૪૭, એટલે કે ભારતની આઝાદીનો. આપણે કલ્પી પણ ન શકીએ કે કેટલું કપરું કામ હતું, એ વખતે ગુરુકુલ બાંધવું એ! બહારની મુશ્કેલીઓ કરતાં સત્સંગ-સમાજની અંદરની મુશ્કેલીઓ અપાર હતી અને એ પણ પાછું એક નવો ચીલો ચીતરવો અને એ પણ એક સાધુ તરીકે કેટલીય વસ્તુની મર્યાદામાં રહીને! અહીં ખાલી દૃઢ મનોબળ કામ ના લાગે. અહીં તો જોઈએ સમુદ્ર જેવું અગાધ આત્મબળ અને એ સ્વામી પાસે શ્રીજીના આશીર્વાદથી ભારોભાર હતું.

ત્રીજું, એ સમયમાં ચાતુર્માસ વખતે સ્વામીજી વિચાર કરતા હતા કે આ વખતે શું નિયમ લેવો? ઘણા ચિંતન પછી સ્વામીજીને વિચાર આવ્યો કે દરરોજ કીર્તનના ચાર પદ કંઠસ્થ કરવા અને સાંજે સભામાં ઝીલાવવાં. આ નિયમ ચાતુર્માસ સુધી અખંડ જાળવી રાખેલ અને એક વખત કંઠસ્થ કરેલ કીર્તન કે પદો ક્યારેય સ્વામીજીને બીજી વાર જોવા ન પડે. અત્યારે ચાતુર્માસ ચાલે છે આપણે બે મિનિટ વિચારીએ તો તરત ખબર પડે આપણે આવા નિયમ લેવાનો વિચાર સુદ્ધાં ન કરી શકીએ. આપણે જે વિચારને આપણા મનમાં ફરકવા ન દઈએ તે વિચારોને તો સ્વામીજી સાક્ષાત્ જીવતા!! સ્વામી વિવેકાનંદની આવી જ પ્રતિભાના સ્વામીમાં સ્પષ્ટ રીતે દર્શન થતાં.

ચોથું, આ નિર્ણય સ્વામીજીનો આપણે કોઈપણ રીતે જોઈએ તો અચંબામાં પડી જવાય તેવો હતો. સ્વામીજીએ નર્મદા સ્નાન વખતે એવો નિર્ણય કર્યો કે સ્વામિનારાયણ મહામંત્રના સવા ત્રણ કરોડ જાપ કરવા! અને એ પણ બેધ્યાન થઈને નહિ, એક એક મંત્ર પર શ્રીજી મહારાજની મૂર્તિ સંભારીને મંત્ર પૂરા કરવાના! સ્વામીજીએ સવા ત્રણ કરોડ મંત્રજાપ પૂર્ણ કર્યા પણ ખરા!

એક વખત સ્વામી અને બીજા સંતો ગામડા ફરતા એક ગામ ગયેલા અને ત્યાં સવારે વહેલું પ્રાતઃકાળમાં સ્નાન કરવા ગામથી થોડે દૂર એક વાડીયે જવાનું અને સાથે કોઈ પાર્ષદ કે હરિભગત પણ નહિ. માત્ર બે-ત્રણ બીજા સંતો સાથે હતા. પાણી સીંચવા સ્વામી જેવી ડોલ ને દોરડું તૈયાર કરે ત્યાં જ કુવામાંથી કોઈક સ્ત્રીનો અવાજ આવ્યો. બચાવો... બચાવો... બધા સંતો તો અચંબામાં મુકાઈ ગયા અને એક સાધુ તો ધોતિયું લઈને ચાલતા પણ થયા કે ચાલો આપણે બીજી વાડીયે જઈએ.

પણ સ્વામીને થયું કે કોઈ જીવ દુઃખિયો હોય તેને આમ મુશ્કેલીમાં મૂકીને કેમ જતું રહેવાય ? શ્રીજી મહારાજની શિક્ષાપત્રીમાં લખેલી આજ્ઞા પણ યાદ આવી કે આપત્કાળ વખતે સ્ત્રીઓને અડીને અથવા બોલીને પણ તેની અને પોતાની રક્ષા કરવી અને ત્યાર પછી સ્વામીએ ડોલનું દોરડું છોડીને એક છેડો કુવાના પાવઠા સાથે બાંધી બીજો છેડો અંદર જવા દીધો અને દૂર જોયું તો એક દીવો બળતો હતો ત્યાં ગયા અને એક-બે પુરુષને જગાડીને તેમને સાથે લઈ કુવે પાછા આવી દોરડું પેલા પુરુષોને આપ્યું અને પેલી સ્ત્રીને બચાવી અને સ્વામી પછી બીજી બાજુની વાડીએ નહાવા જતા રહ્યા. (સ્વામીએ એ દિવસે પણ ઉપવાસ કરેલો!)

સ્વામી જેટલા ધર્મનિષ્ઠ હતા તેટલા જ ભક્તિમાં રસ-તરબોળ હતા. કેટલાય કીર્તનો, સ્તોત્રો, ભગવદ્ ગીતા તેમજ મંત્રો, પાઠો અને શાસ્ત્રો સ્વામીને જીહ્વાગ્રે હતા. જ્યારે સ્વામી વડતાલ નારાયણદાસજી સ્વામીની આજ્ઞાથી ભણવા ગયા ત્યારે સ્વામીએ ખાસ હરિકૃષ્ણ મહારાજને રાજી કરવાનો મોકો ઝડપી લીધો હતો.

વડતાલ ભણતા ત્યારે જ્યારે પણ અઠવાડિયામાં રજાનો દિવસ આવે ત્યારે સવારે મંગળા આરતી થાય ત્યારથી હરિકૃષ્ણ મહારાજનાં ડેરામાં બેસી જતા અને માળા, વંદુના પાઠ, જનમંગલના પાઠ, કીર્તનો વગેરે ગાઈને સાંજે શયન આરતી સુધી બેસી રહેતા. બપોરે પુજારી જ્યારે મહારાજને પોઢાડે ત્યારે સ્વામી તેમને એવું કહી દેતા કે તમે બહારથી બધું બંધ કરી દેજો, હું અંદર ભજન કરીશ. આમ એક સચોટ સમયપાલક અને સમયનો સદુપયોગ કરનાર સાધુ/મુમુક્ષુ તરીકે પણ તેમની પ્રતિભા અજોડ હતી.

સ્વામી ક્યારેય પણ પોતે આટલા મોટા હોવા છતાં પોતાની મનમાની કરતા નહિં. ડગલે ને પગલે પોતે જે નિર્ણય લેતા તે બધા જ નિર્ણયો સવારની પૂજામાં મહારાજને પૂછીને જ લેતા, એટલે તો સ્વામી ઘણી વખત કેતા કે નરસિંહ મહેતાની હુંડી તો ભગવાન બે-ત્રણ વાર આવીને પૂરી કરી ગયા પણ મારી હૂંડી તો મહારાજ રોજ અનેકવાર પૂરી કરે છે. તેથી જ જિંદગીભર સ્વામીજી અયાચક રહ્યા.

એક બીજી પણ ખાસ વાત એમનામાં હતી, જે મહાપુરુષો હંમેશા ખાસ તેનું ધ્યાન રાખતા હોય છે. તેઓનું મન હંમેશા એકધ્યાન એટલે કે **Focused** હતું. એટલે એમ પણ કહી શકાય કે તેઓ સદા-જાગૃત પુરુષ હતા. સાત વર્ષની ઉંમરે જ્યારે બાલમુકુંદ સ્વામી પાસે કંઠી પહેરી ત્યારથી તેમને શ્રીજીને પામવાની જે અંદરથી તાલાવેલી લાગી હતી તે તાલાવેલી અંતિમ શ્વાસ સુધી એમની એમ જ રહી. સાત વર્ષની ઉંમરથી લઈને અંતિમ શ્વાસ સુધીમાં હજારોની સંખ્યામાં મુશ્કેલીઓનો જાણે થર થઈ ગયો હતો અને ડગલે ને પગલે સ્વામીને શરૂઆતમાં ઘર તરફથી, સમાજ તરફથી અને સાધુ થયા બાદ કેટલીયે એવી મુશ્કેલીઓ આવી કે જે તેમનો કેડો મૂકતી નહોતી. પણ સ્વામીનું મન જે રીતે ફોકસ્ડ હતું. તેઓ ક્યારેય વિચલિત થયા નહિ અને ઉત્તરોત્તર મુક્તાનંદ સ્વામીની જેમ જ્યારથી સત્સંગમાં આવ્યા, દિવસે ને દિવસે એમનો ચડતો ને ચડતો રંગ રહેતો અર્થાત્ તેમની આધ્યાત્મિક પ્રગતિ થતી જ રહી. સ્વામી હંમેશા કેન્દ્રમાં શ્રીજી મહારાજને રાખીને જ ચાલતા, ક્યારેય કોઈ માણસને કે કોઈ વસ્તુ કે કોઈ સંસ્થાને લઈને નહી.

ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે 'જેવા સાધુને સેવ્યા હોય તેવા ગુણ આવે.' સ્વામીએ જે રીતે મોટા સદ્ગુરુઓને સેવ્યા હતા, પીધા હતા, સ્વામીમાં એ મહાન સદ્ગુણો અખંડ વર્તાતા હતા. જેમ કે ગુણાતીતાનંદ સ્વામી હંમેશા કથાવાર્તાનો અખાડો માંડીને બેસતા અને સાથોસાથ સેવા જેમકે વીડીમાં જઈને ઘાસ વઢાવવું અને એની સાથે કથાવાર્તા કરવી અને બધાને મહારાજની મૂર્તિમાં જોડી રાખવા તેમજ પૂ. શાસ્ત્રીજી મહારાજ પણ બ્રહ્મસત્ર, જ્ઞાનસત્ર અને ઋષિકેશ શિબિરમાં કથાવાર્તાનો અખાડો માંડીને બેસતા અને સેવાની વાત તો સ્વામીની અનોખી જ છે.

સેવામાં તો સ્વામીના ગુણો કંઈક જુદા જ છે, જેમ શ્રીજી મહારાજ અને સંતો સમગ્ર માનવજાતના કલ્યાણને અર્થે વિચરતા અને કાર્યો કરતા, બસ તેમજ શ્રીજી અંતર્ધ્યાન થયા પછી એ સત્સંગનો વારસો મોટા સદ્ગુરુઓ વહન કરતા હતા અને અમુક વર્ષો પછી ધીમે ધીમે સત્સંગ સમાજ જાણે ભૂલી ગયો હતો કે શ્રીજી મહારાજ શું કરીને, શું કહીને ગયા હતા અને એમને આપણા માટે શું દાખડો કર્યો હતો અને પૂ. શાસ્ત્રીજી મહારાજ પોતાને મળેલા વારસા માટે જીવનભર સચેત રહ્યા, જાગૃત રહ્યા અને એમ કહી શકીએ કે સ્વામીજીએ જે સત્સંગ સમાજમાં પરિવર્તન આણ્યું એ જોતા એવું લાગે કે એમણે પોતાનાથી થાય તેનાથી હજારો ગણી મહેનત કરીને બધું જ શ્રીજી મહારાજને કુરબાન કરી દીધું હતું.

આમ બીજી ભાષામાં કહીએ તો

પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ - મારી નજરે

- ઘનશ્યામ જે પટેલ



પૂ. શાસ્ત્રીજી મહારાજ વિષે એમના જીવન વિશે એમના વિચક્ષણ સદ્‌ગુણો વિશે હું શું બોલી શકું ?, હું શું લખી શકું ?

ચકલીની ચાંચ દરિયો ઉલેચવાની વાત કરે તો કેટલી વ્યાજબી ? પરંતુ આ ચકલી સમ અમો એમની છત્રછાયામાં આધ્યાત્મિક અને ભૌતિક રીતે વિકસેલા હોઈએ ત્યારે અમારી એમના વિશેની કાલી ઘેલી પણ અહોભાવથી ભરેલી વાણી મારી દૃષ્ટિએ ગુરુની પૂજા સમાન છે.

પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ મારા માટે રોમાંચકારી સદ્‌ગુરુ છે. કારણ સરળ છે, જ્યારે જ્યારે પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી કે પૂજ્ય પુરાણી શ્રી હરિસ્વરુપદાસજી સ્વામીના મુખે કોઈપણ કથામાં એમની વાત આવે અને આ શરીરના તમામ રોમેરોમ રોમાંચિત થયા વગર ક્યારેય રહેતા નથી એનું કારણ મેં ક્યારેય શોધ્યું નથી કારણ કે એ ઘટનાનો આસ્વાદ જ પાવનકારી છે.

પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ આપણા સંપ્રદાયની ધરોહર છે. પૂ. શાસ્ત્રીજી મહારાજ આપણા સંપ્રદાયની દિવાદાંડી છે.

પજ્ય શાસ્ત્રીજી મહારાજ આપણા સંપ્રદાયની પરિવર્તનશીલ મશાલ છે.

આપણી ધાર્મિકતાના મૂળમાં શિક્ષણનો સમન્વય કર્યો અને સંપ્રદાયની સાચી રીતભાત પેઢીઓ સુધી મજબૂત કરી દીધી. એજ્યુકેશન જ એવું અજવાળું છે. આપણા સંપ્રદાયની વિકાસયાત્રા વચ્ચે આવતા અંધકારને દૂર કરવામાં ઉપયોગી એજ્યુકેશન બન્યું.

દિવાદાંડી અને પરિવર્તનશીલ શા માટે? આજે વાસ્તવિકતા એ છે કે એનાં કાર્યોનું અનુસરણ અને અનુકરણ આખો સંપ્રદાય કરી રહ્યો છે. એના સારાં પરિણામ સંપ્રદાયના અનુયાયીઓ તેમજ અન્ય લોકો પણ માણી રહ્યા છે.

ક્રાન્તિકારી પરિવર્તનનો વિચાર અને અમલમાં જપયજ્ઞો સૌ પ્રથમ શરૂ કરાવ્યા. ગામડાંઓના અભણ ખેડૂત ભક્તોને યાત્રા ટ્રેન દ્વારા ભારત અને સંસ્કૃતિ દર્શન કરાવી વિશાળ દૃષ્ટિ અને વિશાળ દિલનાં દર્શન કરાવ્યાં. મંત્રલેખન, મહાવિષ્ણુયાગ, વિદેશ પ્રવાસ જેવા અનેક કાર્યોનું સંપ્રદાયમાં સૌ પ્રથમ ખેડાણ કર્યું અને આ પરિવર્તનની જળહળતી મશાલમાં મૂળભૂત સિદ્ધાન્તોનું તેલ પૂરેલું રાખ્યું. આથી આ ક્રાન્તિકારી પરિવર્તન સાચા અર્થમાં આપણા સંપ્રદાય માટે ફળદાયી બની રહ્યું.

આજકાલ ટીવીમાં મહાભારતની સુંદર ગાથા વર્ણવતી સિરિયલ જોવા મળે છે. એમાં પણ કુરુક્ષેત્રના

યુદ્ધની કથા આવે છે. એમાં મહામહિમ ભીષ્મદાદા અને ભગવાન શ્રીકૃષ્ણના સંવાદ અદ્‌ભૂત હતા. આ સમયે મને પૂ. શાસ્ત્રીજી મહારાજ યાદ આવ્યા. શા માટે?

એ દૃશ્યમાં ભીષ્મદાદા ભગવાન શ્રીકૃષ્ણને પૂછે છે કે, મેં આખું જીવન ધર્મ અડગ રીતે પાળ્યો છે. બ્રહ્મચર્યની અખંડ પ્રતિજ્ઞા લઈ જીવન વિતાવ્યું છે. ત્યારે પ્રભુ કહે છે કે, તમો ધર્મના સાચા મૂળને પકડી ન શક્યા. કારણ કે તમારા ધર્મમાં, તમારા સમર્પણમાં સ્વાર્થ હતો. ફક્ત કુટુંબની રક્ષાનું જ સત્ય હતું. તમે આખા સમાજની સુખાકારી માટે તમારી પ્રતિજ્ઞામાં પરિવર્તન ના લાવી શકયા... આ સમયે મને ગુરુદેવ યાદ આવ્યા.

પૂ શાસ્ત્રીજી મહારાજ ફક્ત એક મંદિરના મહંત બની મંદિરનું અને એમના જ થોડા શિષ્યોનું લાલન પાલન કરી જીવન વ્યતીત કરી શક્યા હોત અને તો આટલી મુશ્કેલીઓ પણ સહન ન કરવી પડી હોત પરંતુ એ આપણા સંપ્રદાયમાં ભીષ્મ ન બની રહ્યા પરંતુ આખા સમાજની ચિંતા કરી અને પોતાના ધર્મને વિશાળ ફલક પર વિસ્તારી અને આ ગુરુકુલ પરંપરા શરૂ કરી.

પરિવર્તનના મૂળમાં હમેશા પીડા હોય છે. પરંતુ તેનું ભવિષ્ય હંમેશા સુખાકારી હોય છે. જે આપણે માણી રહ્યા છીએ. આજે ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી જેવા સંત વિશ્વ ફલક ઉપર આ સદ્‌વિદ્યાની મશાલ લઈને ઘૂમી રહ્યા છે અને વિશ્વમાં સત્સંગનો પ્રકાશ પાથરી રહ્યા છે જેના આપણે સૌ સાક્ષી છીએ.

અનેક પાસાં એકજ માં...

તમોએ એવું વૃક્ષ ક્યાંય જોયું છે કે જેની એક ડાળમાં મીઠી કેરી હોય અને બીજી ડાળમાં પુષ્ટ સફરજન હોય, ત્રીજી ડાળમાં મીઠાં ચીકુ હોય! હા આવું એક વૃક્ષ ભગવાને ખાસ આપણા માટે અક્ષરધામમાંથી અહીં મોકલ્યું છે અને એ છે આપણા ગુરુદેવ પૂ. શાસ્ત્રીજી મહારાજ.

શૂરવીરતા અને નીડરતા તો ખરી પણ કરુણાથી ભરેલી નજરો સાથેની. જ્ઞાનનો પ્રચંડ પહાડ ગણાય પરંતુ અંદર જઈ તપાસ કરો તો ચોતરફ ભક્તિના ઝરણાઓ ખળખળ વહ્યા જ કરે.

વૈરાગ્ય અને સાદગી ધારણ કરેલા પરંતુ સમાજસેવા માટે કોઈપણ કાર્ય અંગીકાર કરે. મહંત અને ફાઉન્ડર ખરા પણ દાસત્ત્વભાવથી ભરપૂર. આવું કલ્પવૃક્ષ સમું જીવન હતું આપણા ગુરુદેવ પૂ. શાસ્ત્રીજી મહારાજનું.

આ ગુરુકુલની સ્થાપના અને એ પણ ૧૯૪૭ના આઝાદીના કટોકટીના સમયમાં, કે જ્યારે ખુદ હિન્દુસ્તાન પાસે પણ પાકિસ્તાનને અલગ કરવા આપવાની રકમ પણ હમ્માઓ કરીને આપવી પડતી હતી ત્યારે...

તેઓએ ધારણ કર્યું, અયાચક વ્રત... 'કોઈની પાસે હાથ લાંબો ના કરું' અને ના કર્યો. જીવનના છેલ્લા શ્વાસ સુધી, છતાં પણ સંપ્રદાયમાં હિમાલય જેવું વિરાટ કાર્ય કર્યું!

દાસત્વ –

પૂ. શાસ્ત્રીજી મહારાજના જીવનના પાયામાં જ આ મહત્ત્વના સદ્‌ગુણો ઠાંસી ઠાંસીને ભરેલા હતા. આથી જ વિદ્યાર્થી અવસ્થામાં પોતાની યુવાનીને દાસત્ત્વભાવથી શણગારીને જૂનાગઢના જોગીજાત ગુરુજનોની સેવામાં સમર્પિત કરી રાજીપો મેળવી લીધો હતો. જ્યારે વડતાલ સંસ્કૃત ભણવા માટે જવાનું નક્કી થયું તો ત્યાં આ અવસ્થા તપમય અને સેવામય બનાવી દાસત્ત્વનાં અનેરા દર્શન કરાવેલાં. એમનું મેડાવાળી ધર્મશાળામાં કોથળો ખુલ્લો કરીને બનાવેલું આસન અને ૭ વર્ષના અભ્યાસકાળ દરમિયાન ત્રણ કોથળા વાપરેલા.

સવારે વહેલા ગોમતી સ્નાન કરી મંદિરમાં



યુદ્ધની કથા આવે છે. એમાં મહામહિમ ભીષ્મદાદા અને ભગવાન શ્રીકૃષ્ણના સંવાદ અદ્‌ભૂત હતા. આ સમયે મને પૂ. શાસ્ત્રીજી મહારાજ યાદ આવ્યા. શા માટે?

એ દૃશ્યમાં ભીષ્મદાદા ભગવાન શ્રીકૃષ્ણને પૂછે છે કે, મેં આખું જીવન ધર્મ અડગ રીતે પાળ્યો છે. બ્રહ્મચર્યની અખંડ પ્રતિજ્ઞા લઈ જીવન વિતાવ્યું છે. ત્યારે પ્રભુ કહે છે કે, તમો ધર્મના સાચા મૂળને પકડી ન શક્યા. કારણ કે તમારા ધર્મમાં, તમારા સમર્પણમાં સ્વાર્થ હતો. ફક્ત કુટુંબની રક્ષાનું જ સત્ય હતું. તમે આખા સમાજની સુખાકારી માટે તમારી પ્રતિજ્ઞામાં પરિવર્તન ના લાવી શક્યા... આ સમયે મને ગુરુદેવ યાદ આવ્યા.

પૂ શાસ્ત્રીજી મહારાજ ફક્ત એક મંદિરના મહંત બની મંદિરનું અને એમના જ થોડા શિષ્યોનું લાલન પાલન કરી જીવન વ્યતીત કરી શક્યા હોત અને તો આટલી મુશ્કેલીઓ પણ સહન ન કરવી પડી હોત પરંતુ એ આપણા સંપ્રદાયમાં ભીષ્મ ન બની રહ્યા પરંતુ આખા સમાજની ચિંતા કરી અને પોતાના ધર્મને વિશાળ ફલક પર વિસ્તારી અને આ ગુરુકુલ પરંપરા શરૂ કરી.

પરિવર્તનના મૂળમાં હમેશા પીડા હોય છે. પરંતુ તેનું ભવિષ્ય હંમેશા સુખાકારી હોય છે. જે આપણે માણી રહ્યા છીએ. આજે ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી જેવા સંત વિશ્વ ફલક ઉપર આ સદ્‌વિદ્યાની મશાલ લઈને ઘૂમી રહ્યા છે અને વિશ્વમાં સત્સંગનો પ્રકાશ પાથરી રહ્યા છે જેના આપણે સૌ સાક્ષી છીએ.



અનેક પાસાં એક જ માં...

તમોએ એવું વૃક્ષ ક્યાંય જોયું છે કે જેની એક ડાળમાં મીઠી કેરી હોય અને બીજી ડાળમાં પુષ્ટ સફરજન હોય, ત્રીજી ડાળમાં મીઠાં ચીકુ હોય! હા આવું એક વૃક્ષ ભગવાને ખાસ આપણા માટે અક્ષરધામમાંથી અહીં મોકલ્યું છે અને એ છે આપણા ગુરુદેવ પૂ. શાસ્ત્રીજી મહારાજ.

શૂરવીરતા અને નીડરતા તો ખરી પણ કરુણાથી ભરેલી નજરો સાથેની. જ્ઞાનનો પ્રચંડ પહાડ ગણાય પરંતુ અંદર જઈ તપાસ કરો તો ચોતરફ ભક્તિના ઝરણાઓ ખળખળ વહ્યા જ કરે.

વૈરાગ્ય અને સાદગી ધારણ કરેલા પરંતુ સમાજસેવા માટે કોઈપણ કાર્ય અંગીકાર કરે. મહંત અને ફાઉન્ડર ખરા પણ દાસત્ત્વભાવથી ભરપૂર. આવું કલ્પવૃક્ષ સમું જીવન હતું આપણા ગુરુદેવ પૂ. શાસ્ત્રીજી મહારાજનું.

આ ગુરુકુલની સ્થાપના અને એ પણ ૧૯૪૭ના આઝાદીના કટોકટીના સમયમાં, કે જ્યારે ખુદ હિન્દુસ્તાન પાસે પણ પાકિસ્તાનને અલગ કરવા આપવાની રકમ પણ હપ્તાઓ કરીને આપવી પડતી હતી ત્યારે...

તેઓએ ધારણ કર્યું, અયાચક વ્રત... 'કોઈની પાસે હાથ લાંબો





ના કરું' અને ના કર્યો. જીવનના છેલ્લા શ્વાસ સુધી, છતાં પણ સંપ્રદાયમાં હિમાલય જેવું વિરાટ કાર્ય કર્યું!

દાસત્વ –

પૂ. શાસ્ત્રીજી મહારાજના જીવનના પાયામાં જ આ મહત્ત્વના સદ્‌ગુણો ઠાંસી ઠાંસીને ભરેલા હતા. આથી જ વિદ્યાર્થી અવસ્થામાં પોતાની યુવાનીને દાસત્ત્વભાવથી શણગારીને જૂનાગઢના જોગીજાત ગુરુજનોની સેવામાં સમર્પિત કરી રાજીપો મેળવી લીધો હતો. જ્યારે વડતાલ સંસ્કૃત ભણવા માટે જવાનું નક્કી થયું તો ત્યાં આ અવસ્થા તપમય અને સેવામય બનાવી દાસત્ત્વનાં અનેરા દર્શન કરાવેલાં. એમનું મેડાવાળી ધર્મશાળામાં કોથળો ખુલ્લો કરીને બનાવેલું આસન અને ૭ વર્ષના અભ્યાસકાળ દરમિયાન ત્રણ કોથળા વાપરેલા.

સવારે વહેલા ગોમતી સ્નાન કરી મંદિરમાં આવેલ કૂવા પાસે ડોલ અને દોરડું લઈ હાજર રહે. આશરે ૭૦ થી ૮૦ સંતોને સ્નાન કરાવતા. આ સેવામય દાસત્વ દર્શનીય હતું.

નીડરતા અને શૂરવીરતા –

ગીરના જંગલનો સાવજ કહું કે, શૂરવીરતાએ ખુદ ધારણ કરેલું શરીર...

અનેક પ્રશ્નો, અનેક મુશ્કેલીઓ પરંતુ હર ક્ષણ મહારાજમય સ્મિત. અનેક પ્રસંગો હતા જ્યાં ભલભલાની ધીરજ ડગમગી જાય. ભગવી દીક્ષા પાછી લઈ લેવાની એ કહેવાતી ધર્મસભા હોય કે ૨૧ દિવસના મહાન યજ્ઞ સમયે પડેલી વિકટ મુશ્કેલી હોય પરંતુ આ તમામ પ્રસંગોમાં દર્શન આપતી નીડરતામાં મહારાજ પ્રત્યેની અડગ નિષ્ઠા જ છુપાયેલી હતી.

સ્થિતપ્રજ્ઞતા –

હંમેશા માન-અપમાનમાં મનની સ્થિરતા અનેક પ્રસંગોએ જોવા મળે છે પૂ. શાસ્ત્રીજી મહારાજના જીવનમાં. એક સમયે દ્વેષીઓ પ્રેરિત ડોશીઓ દ્વારા કરાવેલ અપમાન હોય કે સંપ્રદાયની પ્રથમ વિદેશયાત્રાથી પરત થયા પછી થયેલા ઠેર ઠેર સન્માન સમારોહ કે શોભાયાત્રા હોય. આવા અનેક પ્રસંગોમાં પૂ. ગુરુદેવ એક સ્થિતપ્રજ્ઞની અવસ્થામાં જ જીવ્યા હતા.

દેહાતીત દશાની અમાપ ઉંચાઈ –

પૂ. શાસ્ત્રીજી મહારાજે પોતાના દેહના કષ્ટોને પોતાના ઉપર છેલ્લા શ્વાસ સુધી હાવી થવા દીધા નહોતા. પૂ. સ્વામી એવા ધીર અને આત્મનિષ્ઠ હતા કે એમના મુખ પરથી એમના દેહના દુઃખનો કોઈ તાગ ન કાઢી શકે. ક્યારેય કોઈ ઉહકારો કે આંસુ જોયા નથી. પરંતુ પૂ. સ્વામી મહારાજની મૂર્તિ સામે ઉભા હોય અને વિરહના પદો ભાવથી ગાતા હોય ત્યારે ચોધાર આંસુ વહેતા હોય એવાં દર્શન ઘણી વખત થતાં.

એક સમયે મગજનો સતત દુઃખાવો રહેતો હતો તો ઘણા ડૉક્ટરોના નિદાન પછી મુંબઈ ટેસ્ટ કરાવવો પડશે એવું નક્કી થયું. મુંબઈના પ્રેમી ભક્તોની પ્રાર્થનાથી પીગળી સ્વામી ટેસ્ટ કરાવવા માટે રાજી થયા અને એ ટેસ્ટ ડૉ. દલાલ કરવાના હતા. તેમના ક્લીનીક પર પૂ. પુરાણી સ્વામી સાથે હતા અને આ ટેસ્ટમાં બેભાન કર્યા વિના જ છાતીમાં સ્ક્રૂ પીલીને એમાંથી લોહી લેવાનું હતું. ડૉ. દલાલના જણાવ્યા અનુસાર આ સમયે ભલભલા ધીરજવાન પણ ચીસાચીસ કરી મૂકે એટલો અઘરો ટેસ્ટ હતો.

ગરદનના દુખાવાની ઉપેક્ષા ન કરશો

- વૈદ્ય શ્રી પ્રવિણ હીરપરા

ગરદનનો દુઃખાઓ ખૂબ સામાન્ય સમસ્યા છે. આ દુઃખાવો ગરદનના સ્નાયુઓ, જ્ઞાનતંતુઓ, કરોડનો મણકો કે તેની વચ્ચે રહેલી ગાદીની સમસ્યાને કારણે થઈ શકે છે. મગજના ભાગમાં કોઈ પણ તકલીફ હોય તો તેના એક લક્ષણ તરીકે પણ ગરદનનો દુઃખાવો થઈ શકે છે.

સર્વાઈકલ સ્પોન્ડિલીસિસ, ઓસ્ટિયો પોરોસિસ, સ્પાઈનનું કેન્સર કે એ ભાગમાં એક્સિડન્ટના કારણે થયેલી ઈન્જરીને કારણે પણ ગરદનનો દુઃખાવો થાય છે. ગરદન સાથે ડાબો હાથ દુઃખતો હોય, ભારે રહેતો હોય તો દુઃખાવો હૃદય સંબંધીત પણ હોઈ શકે છે.

હાઈ બ્લડપ્રેશરમાં પણ ગરદનનો દુઃખાવો થતો હોય છે. ગરદનની સાથે જમણો હાથ દુઃખતો હોય તો લિવર સંબંધિત સમસ્યાઓ કે પાચન સંબંધિત સમસ્યાઓ સંકળાયેલી હોય છે.

ટી.વી. જોતી વખતે કે કોમ્પ્યુટર પર કામ કરતી વખતે અમુક પ્રકારની પોઝીશનના સાતત્યને લીધે પણ ગરદનનો દુઃખાવો થઈ શકે છે.

સામાન્ય સારવાર :-

સૂંઠ નાખીને ગરમ પાણીનો ઉપચાર ગરદનના દુઃખાવા માટે સફળ ઉપચાર સાબિત થઈ શકે છે. એક ગ્લાસ પાણીમાં લગભગ બે ચમટી (પિન્ચ) સૂંઠ નાંખવી. ચાર-પાંચ ઉભરા આવે ત્યાં સુધી પાણી ઉકાળવું. આ પાણી હુંફાળુ રહે ત્યાં સુધી ઠંડુ પડવા દેવું. ત્યાર બાદ એ પાણી દિવસમાં બે-ત્રણવાર પીવું.

જિવિતપ્રદા ઘનવટી :- જિવિતપ્રદા ઘનવટીમાં ગળો, ગોખરું અને શિલાજિત હોય છે. ગળોમાં બર્વેરિન નામનું તત્ત્વ સ્ટ્રેસ થયેલા સ્નાયુઓને રિલેક્સ કરે છે. મેટાબોલિસ્મમાં પણ મદદ કરે છે. બર્વેરિન શરીરમાંથી વધારાની સ્યુગર અને ફેટનું પાચન કરે છે.

આમ એટલે અપક્વ આહાર. ગોખરુંમાં ગ્લુરામિક એસિડ નામનું તત્ત્વ રહેલુ છે. પાચન સંબંધિત સમસ્યાઓને આ રસાયણ દૂર કરે છે. શિલાજિત સોજો ઘટાડવાનું કામ કરે છે. શરીરમાં રહેલા વિષાક્ત તત્ત્વોને બહાર ધકેલે છે. દુઃખાવો પણ મટાડે છે.

જિવિતપ્રદા ઘનવટીની કેટલી માત્રા લેવી એ તમારા નજીકના વૈદ્યરાજના માર્ગદર્શન પ્રમાણે લેવી. પ્રકૃતિ દોષ અને નાડીના પરિક્ષણ પછી વૈદ્યરાજ તમારે લેવાની માત્રા નક્કી કરી આપશે. કોઈ એક વ્યક્તિ માટે કોઈ એક સામાન્ય ડોઝ લેવાનો નથી હોતો.

ફુડ લાઇફસ્ટાઇલ :-

ખાધેલા ખોરાકનું પુરુ પાચન થાય અને અપચો ન થાય એ માટે પુરતી સંભાળ લેવી. બે ભોજન વચ્ચે ઓછામાં ઓછો પાંચથી છ કલાકનો સમય ગાળો રાખવો. વારંવાર જમવાથી કે નાસ્તો કરવાથી અપચો થાય છે, જે ગરદનના દુઃખાવાને વધારે છે.

રાત્રે મોડા ન જમવું. રાત્રે મોડા જમવાથી પણ ખોરાકનું પાચન બરાબર થતું નથી.

પચવામાં ભારે ખોરાક ન લેવો. જમીને તરત ઉંઘ ન કરવી. બપોરે વધારે સુવાથી ગરદનના દુઃખાવામાં વધારો થાય છે.

ઉજાગરા ન કરવા, રાત્રે પુરતી ઉંઘ લેવી.

એક્સરસાઈજ કે યોગ-પ્રાણાયામ નિયમિત કરવા જોઈએ.

ચાતુર્માસ દરમિયાન નિયમ ગ્રહણ

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે ચાતુર્માસમાં ભજન ભક્તિના વિશેષ નિયમો ગ્રહણ કરવાના હોય છે. ગુરુકુલ પરિવારના સભ્યો દર વર્ષે સદ્‌ગુરુ સંતોની આજ્ઞા પ્રમાણે નિયમ ગ્રહણ કરી ભજન-ભક્તિ કરે છે, ત્યારે આ વર્ષે ગુરુકુલ પરિવારના દરેક સભ્યોએ ચાતુર્માસ દરમિયાન વચનામૃત અનુષ્ઠાન, નિત્યપાઠ સાથે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનું એક પુરશ્ચરણ કરવાનું છે. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોના સંકલ્પ અનુસાર ચાતુર્માસ દરમિયાન 'સ્વામિનારાય' મહામંત્રનું એક પુરશ્ચરણ કરવા માટે નિયમ ધારણ કરનારે વ્યક્તિગત અથવા પરિવાર દીઠ દરરોજ ૧૦૦ માળા નામજપ કરવા. ચાર મહિનામાં આ અનુષ્ઠાન પુરુ ન થાય તો થોડો સમય વધારે લઈને પણ અનુષ્ઠાન પૂર્ણ કરવું.

અમૃતારોગ્યમ્માં નિયમિત સેવા આપતા વૈદ્યશ્રીઓ

વાર	ડૉકટર	રોગો
સોમવાર	વૈદ્ય શ્રી સંકેત પટેલ વૈદ્ય શ્રી પ્રવિણભાઈ હીરપરા સમય : ૧૦.૩૦ થી ૧૧.૩૦	તમામ રોગો
મંગળવાર	વૈદ્ય શ્રી સંકેત પટેલ સમય : ૧૦.૩૦ થી ૧૧.૩૦	વા-સાંધાના દર્દો,કોણી,ઢીંચણ કમર, ગરદનના સાંધાના રોગો.
બુધવાર	વૈદ્ય શ્રી કિંશુકબેન હીરપરા સમય : ૧૦.૩૦ થી ૧૧.૩૦	ખીલ, કાળાડાઘ, સોરાયસીસ, વાળ ખરવા, ઉંદરી, ખોડો વગેરે વાળ અને ચામડીના રોગો
ગુરુવાર	વૈદ્ય શ્રી તપનકુમાર સમય : ૮.૩૦ થી ૯.૧૫	હૃદયની નળીયો બ્લોક હોવી, કોલેસ્ટરોલ,હાઈ બ્લડપ્રેશર વગેરે હૃદય સંબંધિત દર્દો
	વૈદ્ય શ્રી સ્વખ્નીલ મોદી વૈદ્ય શ્રી પ્રવિણભાઈ હીરપરા સમય : ૧૦.૩૦ થી ૧૧.૩૦	તમામ રોગો
શુક્રવાર	વૈદ્ય શ્રી હિતેન્દ્ર ગોહેલ સમય : ૯.૩૦ થી ૧૦.૩૦	તમામ દર્દો - વિશેષ વાળ અને ચામડીના દર્દો
શનિવાર	વૈદ્ય શ્રી કિર્તિદા દવે સમય : ૧૦.૦૦ થી ૧૦.૩૦	શરદી, ઉધરસ, ખાંસી, તાવ, કરમિયા, પથારીમાં પેશાબ વગેરે બાળકોના દર્દો
રવિવાર	વૈદ્ય શ્રી પ્રવિણ સોલંકી સમય : ૧૦.૩૦ થી ૧૧.૩૦	તમામ દર્દો વિશેષ - કિડનીની સમસ્યાઓ

આંખ, કાન, ગળાની સમસ્યાઓ તથા હલતા દાંતની જાલંધર પદ્ધતિ દ્વારા સારવાર.

હલતા-દુ:ખતા દાંત-દાઢ જાલંધર પદ્ધતિથી વગર દુ:ખાવે પાડી દેવામાં આવે છે. જેમાં કોઈ પણ પ્રકારની દવા કે ઈંજેક્શન આપવામાં આવતું નથી. દાંત પાડ્યા પછી લોહી નથી નીકળતું કે કોઈ પણ પ્રકારનો દુ:ખાવો પણ થતો નથી.

સારવાર માટે સમય :- દર શનિવારે સવારે ૯ થી ૧૦

-વૈદ્યશ્રી હારિન્દ્ર દવે.

સ્થળ :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર

૧૫ MM સુધીની પથરી ઓપરેશન વગર માત્ર આયુર્વેદ ઔષધિઓ દ્વારા ટુક સમયમાં ઓગાળી શકાય છે.

-: સંપર્ક :-

મો. ૭૬૯૮૬૬૩૯૩૨

તથા મો. ૯૪૨૬૭૮૩૭૩૧

સારવાર સ્થળ : અમૃતારોગ્યમ્, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ડ્રાઈવ-ઈન રોડ, મેમનગર, અમદાવાદ-૫૨.

દેવાંગ વ્યાસ - સંપર્ક : ફોન. નં. ૭૬૯૮૬૬૩૯૩૨, મો. : ૯૫૩૭૨ ૦૯૬૬૬

છારોડી ફોન : (૦૨૭૧૭) ૨૪૨૧૪૬, રાજુભાઈ મો. : ૯૪૨૬૭૮૩૭૩૧

વાર	છારોડી-ગુરુકુલ (સમય ૩ થી ૫)
મંગળવાર	વૈદ્ય શ્રી પ્રવીણભાઈ હીરપરા
બુધવાર	વૈદ્ય શ્રી પ્રવીણભાઈ હીરપરા
શનિવાર	વૈદ્ય શ્રી સ્વખ્નિલ મોદી

ગુરુકુલમાં રસોઈ

છારોડી ગુરુકુલ

શ્રી જેઠાભાઈ કલ્યાણભાઈ નારદાણી, લંડન
શ્રી ધનબાઈ ડી. વરસાણી, લંડન
શ્રી અભયભાઈ ગોવિંદભાઈ પટેલ, અમદાવાદ
શ્રી ખુશાલભાઈ રાજેશભાઈ જોષી, નાગપુર
શ્રી માવજીભાઈ ખેતાભાઈ પટેલ, અમદાવાદ
શ્રી કૌશીક કુમાર રમેશભાઈ પટેલ, અમદાવાદ
શ્રી રમેશભાઈ અમૃતલાલ પટેલ, યુ.એસ.એ.
શ્રી પ્રતિકભાઈ નંદા, યુ. કે.
શ્રી રાજેશભાઈ મેઘજીભાઈ વરસાણી, નાઈરોબી
શ્રી પુરુષોત્તમભાઈ જીયાણી, બાપુનગર
શ્રી ચંન્દ્રકાંતભાઈ સોલંકી,
શ્રીમતી પલ્લવીબેન જીતેન્દ્રભાઈ આણદાણી, અમદાવાદ

અમદાવાદ ગુરુકુલ

શ્રી વિયાન હિરેન મનજીભાઈ વેકરીયા,
શ્રી મહાદેવભાઈ જે. પટેલ, અમદાવાદ
શ્રી નિતીનભાઈ કાચલીયા, મુંબઈ
અ.નિ. દેવરાજભાઈ હરજીભાઈ વરસાણી
હસ્તે શ્રી રવજીભાઈ હીરાણી, લંડન
શ્રી કરશનભાઈ વેલજીભાઈ વેલાણી, માનકુવા
શ્રી પ્રેમજીભાઈ કલ્યાણભાઈ સંઘાણી, મોંબાસા
શ્રી પરેશભાઈ નરસિંહભાઈ પટેલ, અમદાવાદ
શ્રી ભીમજીભાઈ લક્ષ્મણભાઈ રાઘવાણી, બળદીયા
શ્રી ભાવિનભાઈ રમેશભાઈ પટેલ, અમદાવાદ
શ્રી કરશનભાઈ માવજીભાઈ પટેલ, અમદાવાદ
શ્રી હરજીભાઈ કેસરાભાઈ હીરાણી, સુખપુર

સમાચાર દર્શન

રથયાત્રા મહોત્સવ

તારીખ ૨૯ જૂન, ૨૦૧૪ ના રોજ અષાઢ સુદ બીજના પવિત્ર દિને શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ મુકામે ભવ્ય રથયાત્રા મહોત્સવ ઉજવાયો. પ્રાર્થના ભવનમાં બિરાજમાન ભગવાન જગન્નાથજી, બલરામજી તથા સુભદ્રાદેવીની ભવ્ય નગરયાત્રામાં હજારો ભક્તજનો જોડાયા. અત્યંત ભક્તિમય વાતાવરણની વચ્ચે નીકળેલી આ રથયાત્રાની છેલ્લા કેટલાય દિવસોથી તડામાર તૈયારીઓ ચાલી રહી હતી.

મધ્યાહ્ને ૨:૦૦ કલાકે પ્રાર્થના ભવનમાં વૈદિક વિધિ સાથે સદ્‌ગુરુ સંતો દ્વારા ભગવાન જગન્નાથજીનું ભવ્ય પૂજન કરવામાં આવ્યું. પૂજન પૂર્ણ થતાંની સાથે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, સ્ટેન્ડીંગ કમિટિની ચેરમેન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ધારાસભ્યશ્રી રાકેશભાઈ શાહ વગેરે મહાનુભાવોએ રથમાં બિરાજમાન ભગવાન શ્રી જગન્નાથજીનું પૂજન કરી માર્ગ માર્જન કરીને રથનું પ્રસ્થાન કરાવ્યું હતું.

રથયાત્રામાં સૌ પ્રથમ અશ્વ સવારો, બેન્ડ, જગન્નાથજી ભગવાનનો રથ, ભગવાન શ્રી સ્વામિનારાયણનો રથ, દશાવતાર રથ, જનમંગળ બોલતા ઋષિકુમારોનો રથ, પ્રસાદના રથ, ગુરુકુલ રાસમંડળી, કળશધારી બહેનો વગેરે જોડાયા હતા. ઉપરાંત જુનાગઢ જિલ્લાના જાંબુર ગામના સિદી લોકોના ધમાલ નૃત્યે રથયાત્રામાં ખાસુ આકર્ષણ જમાવ્યું હતું.

સાંજ સુધી અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં વિહાર કરીને ભગવાને ભક્તજનોની સેવાનો સ્વીકાર કર્યો હતો. રથયાત્રાને વધાવવા માટે અનેક વિસ્તારોના ભાવિકોએ આરતી, પુષ્પહાર, પ્રસાદ તથા વિવિધ પ્રકારની સામગ્રી દ્વારા ભગવાનનું પૂજન કર્યું હતું. વિવિધ વિસ્તારના ભાવિકોએ વિવિધ પ્રકારના અલ્પાહાર તથા પેય સામગ્રીઓ દ્વારા રથયાત્રામાં જોડાયેલા ભક્તજનોની સરભરા કરી હતી. રથયાત્રાને વિશેષ સુશોભિત કરવા માટે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવારના ભક્તજનો તથા શ્રી ભક્તિ મહિલા મંડળના બહેનો ભારે ભક્તિભાવ સાથે જોડાયા હતા.

ભક્તજનોને પ્રસાદ વિતરણની સેવામાં તથા અન્ય વ્યવસ્થામાં પણ વિવિધ ધાર્મિક તથા સામાજીક સંસ્થાઓએ સેવાનો લાભ લીધો હતો. જેમાં કોર્પોરેટરશ્રીઓ, ભીડભંજન હનુમાનજી મંદિર, વિશ્વ હિન્દુ પરીષદ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, માનવ મંદિર, સાંઈ મંદિર, ચંદ્રેશ પટેલ એન્વાયરોન્મેન્ટ પ્રોટેક્શન ટ્રસ્ટ વગેરે અનેક સંસ્થાના ભાઈઓએ લાભ લીધો હતો. નગર વિહાર કરીને ગુરુકુલના પ્રાંગણમાં પધારેલા ઠાકોરજીને સંતો-ભક્તોએ આરતી તથા પૂજન દ્વારા વધાવ્યા હતા. આ જ દિવસે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીનો જન્મદિન હોવાથી પૂજ્ય ગુરુદેવનું વિશેષ પૂજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર પ્રસંગે અખંડ ધૂન તથા વિદ્યાર્થીઓ દ્વારા સવિશેષ ભજન પણ થયું હતું.

ગુરુપૂર્ણિમા મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) છારોડી ખાતે તારીખ ૧૨ જુલાઈના રોજ ભક્તિભાવ પૂર્ણ ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ગુરુમહિમાના ભક્તિપદોના ગાન સાથે પ્રારંભ થયેલ આ મહોત્સવમાં ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીએ વૈદિક વિધિ અનુસાર ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા પ્રસાદીની પાદુકાનું પૂજન કર્યું. ત્યાર બાદ સદ્‌ગુરુ સંતો તથા અગ્રણી હરિભક્તોએ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી સ્વામી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા અખંડ ભગવદ્ પરાયણ પૂજ્યપાદ જોગી સ્વામીની પ્રતિમાઓનું ભાવપૂજન કર્યું હતું.

ત્યારબાદ ગુરુકુલ પરિવારના ગુરુસ્થાને બિરાજમાન પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીનું પૂજન સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, ઉપસ્થિત સહુ સંતોએ તથા અગ્રણી ભક્તજનોએ કર્યું હતું.

આ પ્રસંગે વડતાલ પીઠાધિપતિ આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજે વિડીયો

કોન્ફરન્સથી આશીર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે 'ગુરુપૂર્ણિમાના પરમ પાવન પ્રસંગે ભગવાન શ્રીહરિ સહુનું મંગલ વિસ્તારે તેવી ઈષ્ટદેવ હરિકૃષ્ણ મહારાજના ચરણોમાં પ્રાર્થના. આજે ગુરુકુલ પરિવાર દ્વારા સત્સંગ તથા સમાજની બહુ મોટી સેવા થઈ રહી છે. તેમજ અમારા પ્રિય એવા શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામી દેશ વિદેશ ફરી ભારતીય સંસ્કૃતિ તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયનો જે ફેલાવો કરી રહ્યા છે તેથી અમને ખૂબજ આનંદ થાય છે.' પૂજ્ય સ્વામીજીએ ગુરુપૂર્ણિમાના શુભાશીર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે " આજનો દિવસ ગુરુ પ્રત્યેની આપણી ભાવનાની ચેતનાને ઉજાગર કરવાનો દિવસ છે. વ્યાસ ભગવાને દુનિયાનો સર્વ શ્રેષ્ઠ ગ્રન્થ વેદની રચના કરી છે. આવા મહા ગ્રન્થની રચના કરનાર વેદ વ્યાસને યાદ કરવાનો દિવસ એટલે વ્યાસ પૂર્ણિમા. વેદ વ્યાસે અઢાર પુરાણની રચના કરીને ભારતીય સંસ્કૃતિને ઉજ્જવળ અને કીર્તિમાન બનાવી છે. તેથી જ વિશ્વનું શ્રેષ્ઠ દર્શન હોય તો તે વ્યાસ દર્શન છે. આ જગત વાસનાથી ભરાયેલ છે. તેમાં આવા શાસ્ત્રોના વાંચનથી જ્ઞાનનો જયોતિ પ્રગટે છે. ભારત સદ્‌ગુણોનો દેશ છે, માટે અહીં સ્વરુપ અને જ્ઞાનને પૂજવામાં આવે છે.'

આ ઉપરાંત પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામીએ પણ સહુ ભક્તજનોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ ગુરુપૂજન માટે પધારેલા દરેક હરિભકતો તથા વિદ્યાર્થીઓએ શ્રીફળ-સાકર તેમજ ફૂલ, કાજુ, બદામ, કિસમિસ, ચોકલેટ, મમરા, મગફળી, તલ, વગેરે પદાર્થોના હાર બનાવી ભાવથી પૂજ્ય સ્વામીજીનું પૂજન કર્યું હતું. આ પ્રસંગે ગુરુકુલના સર્વે ટ્રસ્ટીઓ તથા મુંબઈ, સુરત, રાજકોટ, ઉના, ભૂજ, [illegible] વગેરે સ્થાનોથી ગુરુકુલ પરિવારના ભક્તજનો ગુરુપૂજન માટે ઉપસ્થિત રહ્યા હતા.

સત્સંગ યાત્રા :- યુ. કે.

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી સંતમંડળ સાથે યુ.કે.ની સત્સંગ યાત્રાએ પધાર્યા છે. પૂજ્ય સ્વામીજીએ અહીં હેરો, ઈસ્ટ લંડન, બોલ્ટન, માન્ચેસ્ટર, સાઉથ એન્ડ સી, વુલ્વીચ, લેસ્ટર, નોર્ધન્ટન જેવા વિવિધ વિસ્તારોમાં વિચરણ કરી ભક્તજનોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. વિવિધ સ્થળોએ યોજાતી સત્સંગ સભાઓમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ પધારી કથાવાર્તા તથા સંતોની પધરામણીનો લાભ લીધો હતો.

આ ઉપરાંત યુ.કે.ના વિચરણ દરમિયાન આગામી દિવસોમાં યુ.કે. પાર્લામેન્ટ ભવન ખાતે વિશાળ પાયે વોટર બ્લેસીંગ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત શ્રીમદ્

શ્રદ્ધા સુમન

અ. નિ. શ્રી નરેન્દ્રસિંહ કરણસિંહ જાડેજા :- ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ઉપાસક અને પૂજ્ય જોગીસ્વામી તથા સંતોના કૃપાપાત્ર ગામ ખાંભા નિવાસી પ.ભ. શ્રી નરેન્દ્રસિંહજી ભગવદ્ સ્મરણ કરતા થકા અક્ષરધામ સીધાવ્યા છે. ભગવાન શ્રીહરિ તેમના દિવ્ય આત્માને મૂર્તિનું અખંડ સુખ અર્પે તથા પરિવારજનોને સત્સંગનું બળ અર્પે એ જ પ્રાર્થના.

પ. ભ. શ્રી પ્રેમજીભાઇ દેવજીભાઇ શેટા :- ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ઉપાસક તથા સંતોના કૃપાપાત્ર પ.ભ. પ્રેમજીભાઈ શેટા ૫૬ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. પ્રેમજીભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાનું અલૌકિક સુખ આપે તથા સુપુત્ર સૌરવ, નરસિંહભાઈ આદિક પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

શ્રી સાગર કુમાર રતિલાલ પટેલ :- ગામ મોરબી નિવાસી તથા **SGVP**ના ભુતપૂર્વ વિદ્યાર્થી શ્રી સાગર કુમાર નાની ઉંમરે અક્ષરવાસી થયા છે. ગુરુકુલની સેવા પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા આ પરિવારની ગુરુકુલમાં ખૂબ જ સેવાઓ રહી છે. આ પવિત્ર આત્માને શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા રતિભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ. નિ. શ્રી નરેન્દ્રસિંહ કરણસિંહ જાડેજા :- ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ઉપાસક અને પૂજ્ય જોગીસ્વામી તથા સંતોના કૃપાપાત્ર ગામ ખાંભા નિવાસી પ.ભ. શ્રી નરેન્દ્રસિંહજી ભગવદ્ સ્મરણ કરતા થકા અક્ષરધામ સીધાવ્યા છે. ભગવાન શ્રીહરિ તેમના દિવ્ય આત્માને મૂર્તિનું અખંડ સુખ અર્પે તથા પરિવારજનોને સત્સંગનું બળ અર્પે એ જ પ્રાર્થના.

પ. ભ. શ્રી પ્રેમજીભાઇ દેવજીભાઇ શેટા :- ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ઉપાસક તથા સંતોના કૃપાપાત્ર પ.ભ. પ્રેમજીભાઈ શેટા ૫૬ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. પ્રેમજીભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાનું અલૌકિક સુખ આપે તથા સુપુત્ર સૌરવ, નરસિંહભાઈ આદિક પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

શ્રી સાગર કુમાર રતિલાલ પટેલ :- ગામ મોરબી નિવાસી તથા **SGVP**ના ભુતપૂર્વ વિદ્યાર્થી શ્રી સાગર કુમાર નાની ઉંમરે અક્ષરવાસી થયા છે. ગુરુકુલની સેવા પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા આ પરિવારની ગુરુકુલમાં ખૂબ જ સેવાઓ રહી છે. આ પવિત્ર આત્માને શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા રતિભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

પ. ભ. શ્રી અભયસિંહજી રાજમલજી ગોહિલ :- ગામ લાપાસરી નિવાસી પ. ભ. શ્રી અભયસિંહજી ગોહિલ હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ઉપાસક તથા ગુરુકુલ પ્રત્યે નિષ્ઠાવાન આ પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાનું સુખ આપે તથા ગુરુકુલના વિદ્યાર્થીઓ હરિસિંહજી, ભાણજીભાઈ, હેમંતસિંહજી, બહાદુરસિંહજી, વિક્રમસિંહજી વગેરે પરિવારજનોને ધીરજ આપે તેવી પ્રાર્થના. ઉપરાંત થોડા સમય પહેલા જ માતૃશ્રી રવુબા પણ અક્ષરવાસી થયા છે. તેમના આત્માને પણ મહારાજ પોતાનું સુખ આપે તેવી પ્રાર્થના.

પ. ભ. શ્રી હરજીભાઇ વિરજીભાઇ વરસાણી :- ગામ ભારાસર નિવાસી ગુરુકુલના અનન્ય સેવક તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સંતોના કૃપાપાત્ર પ. ભ. શ્રી હરજીભાઈ વરસાણી અક્ષરવાસી થયા છે. હરજીભાઈએ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા મોટા સંતોનો ખૂબ જ રાજીપો મેળવ્યો હતો. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં હેતવાળા હરજીભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા ગુરુકુલ પ્રત્યે અનન્ય નિષ્ઠા ધરાવતા તેમના પરિવારજનો શ્રી રમેશભાઈ, માવજીભાઈ, ઘનશ્યામ, મનિષ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

શ્રી જીવતીબા નાથાભાઇ વેકરીયા :- ગામ ખોરાણા નિવાસી તથા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના પૂર્વાશ્રમના માતુશ્રી શ્રી જીવતીબા ૮૫ વર્ષની ઉંમરે ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. એ મહાન આત્માને શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા અમૃતભાઈ, વલ્લભભાઈ, વાસુદેવભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

શ્રી કાશીબેન દેવશીભાઇ દોંગા તથા લીલાવંત્રીબેન મધુસુદનભાઇ દોંગા :- ગામ દેરડી નિવાસી તથા ગુરુકલના ટ્રસ્ટી, તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા જોગીસ્વામીના કૃપાપાત્ર શ્રી મધુસુદનભાઈના માતુશ્રી શ્રી કાશીબેન ૯૨ વર્ષની ઉંમરે એકાદશીના પવિત્ર દિવસે અગાઉથી જણાવીને ધામમાં પધાર્યા છે. તથા મધુસુદનભાઈના પત્ની શ્રી લીલાવંત્રીબેન ૭૧ વર્ષની ઉંમરે ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. એ બન્ને મહાન

આગામી આયોજન

તા. ૩/૮/૧૪, રવિવાર : સુહૃદ સભા: શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ છારોડી, સાંજે ૫:૩૦ કલાકે.

તા. ૫/૮/૧૪, મંગળવાર : શ્રીહરિ જયંતિ: શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૬:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ

તા. ૭/૮/૧૪ ગુરુવાર : પવિત્રા એકાદશી : કીર્તનભક્તિ, સાંજે ૮:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.

તા. ૧૭/૮/૧૪ રવિવાર : જન્માષ્ટમી મહોત્સવ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ, રાત્રે ૯:૩૦ કલાકે.

તા. ૨૧/૮/૧૪ ગુરુવાર : અજા એકાદશી : કીર્તનભક્તિ સાંજે ૮:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.

તા. ૨૪/૮/૧૪ રવિવાર : પૂજ્ય જોગીસ્વામી પૂન્યતિથિ : ધૂન તથા ગુણાનુવાદ સભા, સાંજે ૪ થી ૭ કલાકે, હૃદય કુટીર, - છારોડી ગુરુકુલ.

તા. ૨૯/૮/૧૪ શુક્વાર : ગણેશ ચતુર્થી: શ્રી ગણપતિજીનું વિશેષ પૂજન, સાંજે ૬ :૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે યોજાયો ભવ્ય રથયાત્રા મહોત્સવ

Rathyatra - 2014

Marvellous event of Rath Yatra organized by
Shree Swaminarayan Gurukul Ahmedabad

'GURUKUL DARSHAN' RNI NO. GUJGUJ/2009/28937 Date of publication is 25th of every month and Permitted to post at A'bad, PSO on 25th of every month. Registered under NO.GAMC-1468/2013-2015.valid up to 31-12-2015 issued by SSP A'bad-9.
Licence to post without prepayment NO.CPMG/GJ/112/2014 valid up to 31-12-2015.

ગુરુ પૂર્ણિમા

SGVP ખાતે યોજાયો ભક્તિસભર ગુરુપૂર્ણિમા મહોત્સવ

Celebration of Guru Poornima Mahotsav with great devotional fervour, SGVP